

25 SMVS રજતજયંતી મહોત્સવ

ઉપક્રમે

# મનનીય મુખપાઠ



SMVS

## SMVS રજત જયંતી મહોત્સવ ઉપક્રમે

# મનનીય મુખપાઠ

**પ્રેરક**

ગુરુવર્ય પ.પૂ.બાપજી

**પ્રકાશક**

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

# મનનીય મુખપાઠ


**રજૂકર્તા** શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

**પ્રેરણામૂર્તિ** પ.પૂ.અ.મુ.સદ્.શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (પ.પૂ.બાપજી)

**લેખનકાર્ય** સાહિત્ય લેખન વિભાગ

**આવૃત્તિ** પ્રથમ, ૨૧ નવેમ્બર, ૨૦૧૦

**પ્રત** ૧૦,૦૦૦

**મૂલ્ય** રૂા.૫/- **સેવા મૂલ્ય** રૂા.૩/-

**પ્રકાશક** સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

**સૌજન્ય** ગોવિંદભાઈ ચતુરભાઈ પટેલ - ઘનશ્યામનગર




## પ્રસ્તાવના

**SMVS** એટલે શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ. આવા દિવ્ય સમાજની રચના કરવા માટે મહારાજે આપણને **SMVS** રજત જયંતી મહોત્સવની ભેટ આપી છે. મળેલ દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ.બાપજી અને પૂ.સ્વામીશ્રીનો સંકલ્પ છે કે ઈ.સ.૨૦૧૨ **SMVS** રજત જયંતી મહોત્સવ નિમિત્તે **SMVS** સમાજનાં બાળકો-બાલિકાઓ, યુવકો-યુવતીઓ અને વડીલો-મહિલાઓને મહારાજના સંકલ્પસમા પાત્ર કરી મૂર્તિસુખના અધિકારી કરવાં છે અને કારણ સત્સંગ વિશ્વવ્યાપી કરવો છે. ત્યારે એના એક ભાગ રૂપે બાળકો, યુવકો અને વડીલો આ ત્રણેય વર્ગ માટે આપણાં કારણ સત્સંગનાં જ્ઞાન તથા સિદ્ધાંતોને પુષ્ટિકર્તા તથા દૃઢતાના માર્ગે આગળ વધવામાં સહાયરૂપ બને તેવાં મનનીય વચનામૃત, બાપાશ્રીની ટૂંકી વાતો તથા કીર્તનો આ પુસ્તિકામાં સંકલન કરવામાં આવ્યાં છે. પ.પૂ.બાપજી તથા પૂ.સ્વામીશ્રીની **SMVS**ના



સમગ્ર સમાજને આજ્ઞા છે કે આ પુસ્તિકામાં આપેલ વચનામૃત, બાપાશ્રીની ટૂંકી વાતો અને કીર્તનો મુખપાઠ કરી મનન-ચિંતન કરવામાં આવે તો શ્રીજીમહારાજના વ્હાલા થવામાં સહાયરૂપ થશે. તો આપણે સૌ મોટાપુરુષની આ આજ્ઞાને, સંકલ્પને અધ્ધરથી ઝીલી આ 'મનનીય મુખપાઠ' પુસ્તિકાનો ઉપયોગ કરી રાજીપાના માર્ગે હરણફાળ ભરીએ તેવી હાર્દિક અભિલાષા.

- જય શ્રી સ્વામિનારાયણ



## અનુક્રમણિકા

### વચનામૃત


૧. ગઢડા પ્રથમનું ૫મું .................. ૧૧
૨. ગઢડા પ્રથમનું ૬ઠ્ઠું .................. ૧૧
૩. ગઢડા પ્રથમનું ૯મું .................. ૧૩
૪. ગઢડા પ્રથમનું ૧૧મું ................ ૧૪
૫. ગઢડા પ્રથમનું ૧૫મું ................ ૧૫
૬. ગઢડા પ્રથમનું ૧૬મું ................ ૧૭
૭. ગઢડા પ્રથમનું ૧૭મું ................ ૧૮
૮. ગઢડા પ્રથમનું ૨૦મું ................ ૨૦
૯. ગઢડા પ્રથમનું ૨૨મું ................ ૨૩
૧૦. ગઢડા પ્રથમનું ૨૮મું ................ ૨૫
૧૧. ગઢડા પ્રથમનું ૪૯મું ................ ૨૭
૧૨. ગઢડા પ્રથમનું ૫૦મું ................ ૨૯
૧૩. ગઢડા પ્રથમનું ૫૧મું ................ ૩૧
૧૪. ગઢડા પ્રથમનું ૫૩મું ................ ૩૭
૧૫. ગઢડા પ્રથમનું ૫૪મું ................ ૩૯
૧૬. ગઢડા પ્રથમનું ૬૭મું ................ ૪૦
૧૭. ગઢડા પ્રથમનું ૭૬મું ................ ૪૩

૧૮. સારંગપુરનું ૮મું .................... ૪૫
૧૯. પંચાળાનું ૫મું .................... ૪૬
૨૦. ગઢડા મધ્યનું ૭મું .................... ૪૭
૨૧. ગઢડા મધ્યનું ૩૭મું .................... ૪૯
૨૨. ગઢડા મધ્યનું ૪૦મું .................... ૫૦
૨૩. ગઢડા મધ્યનું ૪૧મું .................... ૫૩
૨૪. ગઢડા મધ્યનું ૪૯મું .................... ૫૬
૨૫. ગઢડા મધ્યનું ૫૩મું .................... ૫૭
૨૬. ગઢડા મધ્યનું ૫૪મું .................... ૫૯
૨૭. વરતાલનું ૯મું .................... ૬૧
૨૮. વરતાલનું ૧૬મું .................... ૬૩
૨૯. વરતાલનું ૧૯મું .................... ૬૫
૩૦. ગઢડા છેલ્લાનું ૧૭મું .................... ૬૭

### બાપાશ્રીની ટૂંકીવાતો

૧. વાર્તા -૧ .................... ૬૯
૨. વાર્તા -૨ .................... ૬૯
૩. વાર્તા -૩ .................... ૬૯
૪. વાર્તા -૪ .................... ૬૯
૫. વાર્તા -૫ .................... ૭૦



૬. વાર્તા -૬ .................... ૭૦
૭. વાર્તા -૭ .................... ૭૦
૮. વાર્તા -૮ .................... ૭૧
૯. વાર્તા -૯ .................... ૭૧
૧૦. વાર્તા -૧૦ .................... ૭૧
૧૧. વાર્તા -૧૧ .................... ૭૧
૧૨. વાર્તા -૧૨ .................... ૭૨
૧૩. વાર્તા -૧૩ .................... ૭૨
૧૪. વાર્તા -૧૪ .................... ૭૨
૧૫. વાર્તા -૧૫ .................... ૭૩
૧૬. વાર્તા -૧૬ .................... ૭૩
૧૭. વાર્તા -૧૭ .................... ૭૩
૧૮. વાર્તા -૧૮ .................... ૭૪
૧૯. વાર્તા -૧૯ .................... ૭૪
૨૦. વાર્તા -૨૦ .................... ૭૪
૨૧. વાર્તા -૨૧ .................... ૭૪
૨૨. વાર્તા -૨૨ .................... ૭૪
૨૩. વાર્તા -૨૩ .................... ૭૫
૨૪. વાર્તા -૨૪ .................... ૭૫



૨૫. વાર્તા -૨૫ .................... ૭૫
૨૬. વાર્તા -૨૬ .................... ૭૫
૨૭. વાર્તા -૨૭ .................... ૭૬
૨૮. વાર્તા -૨૮ .................... ૭૬
૨૯. વાર્તા -૨૯ .................... ૭૬
૩૦. વાર્તા -૩૦ .................... ૭૬

### કીર્તન

૧. પ્રાતઃ થયું મનમોહન પ્યારા .......... ૭૭
૨. અધમ ઉદ્ધારણ અવિનાશી .......... ૭૭
૩. જય દિવ્ય મૂર્તિ ઘનશ્યામ .......... ૭૮
૪. તેજનાં સમૂહમાં, શ્રીજી દર્શન .......... ૭૯
૫. પુરુષોત્તમરૂપ થઈ ધ્યાન કરવું .......... ૮૦
૬. રાચી રહોને હો પ્યારા બંધુ .......... ૮૧
૭. અમે રહેનારા રે મૂર્તિ ગામના .......... ૮૨
૮. આવો મૂર્તિમાં રાખે ઘનશ્યામ .......... ૮૩
૯. સાચું તો મળ્યું રે દેવળ .......... ૮૪
૧૦. જમો થાળ જીવન જવું વારી .......... ૮૫
૧૧. રૂડી રાંધી મેં રસિયાજી ખાતે .......... ૮૬
૧૨. સંત સમાગમ કીજે હો નિશદિન .......... ૮૭



૧૩. સંત પરમ હિતકારી જગતમાંહી .......... ૮૭
૧૪. જય મંગળકારી પ્રભુ (૨) .......... ૮૮
૧૫. આપના તે આભમાં .......... ૮૯
૧૬. જય ઘનશ્યામ જય જય કરનારા .......... ૯૦
૧૭. તારી ઈચ્છા વિના તો કાંઈ થાય .......... ૯૦
૧૮. ન સમજું શ્રીજી શી રીતે .......... ૯૧
૧૯. મહાબળવંતમાયા તમારી .......... ૯૨
૨૦. હરતાં ફરતાં કરતાં કામ .......... ૯૩
૨૧. મેરે તો એક તુમ હી આધારા .......... ૯૪
૨૨. શ્રીજી છો કૃપાળુ, બાપા છો દયાળુ .......... ૯૪
૨૩. શ્રીજી મૂર્તિના સુખમાં ઝિલાવશો .......... ૯૫
૨૪. હો પ્રાણપ્યારા શ્રીજી .......... ૯૬
૨૫. હો શ્રીજી તમારું પ્રગટપણું .......... ૯૭
૨૬. મીઠી મધુરી ભલી મૂર્તિ .......... ૯૮
૨૭. આવ્યા આવ્યા આવ્યા હરિજી .......... ૯૮
૨૮. ઘેર ઘેર ફરી ઘનશ્યામ .......... ૧૦૦
૨૯. સર્વોપરી ને સદા પ્રગટ છે .......... ૧૦૧
૩૦. આજ સખી આનંદની હેલી .......... ૧૦૨
૩૧. સ્વામિનારાયણ નામ વ્હાલું લાગે .......... ૧૦૨

૩૨. દે દી હરિ કી મૂર્તિ બિના સાધન ....... ૧૦૩
૩૩. શ્રીજી પ્રગટ મળ્યા બાપા પ્રગટ ....... ૧૦૪
૩૪. બાપા પધાર્યા હરખ વધાર્યા........... ૧૦૫
૩૫. અમે તો બાપાનાં સંતાન ............. ૧૦૬
૩૬. આજ મારે ઓરડે પદ-૧ ............. ૧૦૭
૩૭. ઘેરે ચાલી આવ્યા બ્રહ્મ મહોલવાસી .... ૧૦૮
૩૮. અનાદિમુક્તની સેવા................ ૧૦૮
૩૯. કરીએ રાજી ઘનશ્યામ રે ............. ૧૦૯
૪૦. એવા સંત હરિને પ્યારા રે ............ ૧૧૦
૪૧. મારા વાલાજી શું વાલપ દીસે રે ....... ૧૧૧
૪૨. અમે તો નાના નાના બાળ ........... ૧૧૨
૪૩. મોહનને ગમવાને ઇચ્છો માનની ...... ૧૧૩
૪૪. નિર્માની થઈને પ્રભુને ગમો .......... ૧૧૩
૪૫. છોટે છોટે બચ્ચે હૈ હમ .............. ૧૧૫
૪૬. અભાવ અવગુણ અમહિમાની........ ૧૧૭
૪૭. અમે તો શ્રીજીના કિશોર ............. ૧૧૮
૪૮. શ્રીજી અર્થે અમારું જીવન ............ ૧૨૦
૪૯. શ્રીજીની માળાના મેળ દાદાખાચર .... ૧૨૧
૫૦. સેવા કરી લ્યો, સેવા કરી લ્યો ........ ૧૨૪




## વચનામૃત

### (૧) વચનામૃત ગઢડા પ્રથમનું - ૫

સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૮ અષ્ટમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** મુક્તએ સહિત ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવું અને તે ધ્યાન કરતાં મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહિ, એવી રીતના જે આગ્રહવાળા છે તેના ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે ને એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે.**(૧)** ઇતિ વચનામૃતમ્ **॥૫॥**

### (૨) વચનામૃત ગઢડા પ્રથમનું - ૬

સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૯ નવમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં



વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧) આ સત્સંગમાં જે વિવેકી છે તે તો દિવસે દિવસે પોતાને વિષે અવગુણને દેખે છે ને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે ગુણને દેખે છે ને ભગવાન ને સાધુ પોતાના હિતને અર્થે કઠણ વચન કહે છે તેને પોતાના હિતકારી માને છે ને દુઃખ નથી લગાડતો તે તો દિવસે દિવસે સત્સંગને વિષે મોટપને પામે છે. (૧) અને જે અવિવેકી છે તે તો જેમ જેમ સત્સંગ કરે છે ને સત્સંગની વાત સાંભળે છે તેમ તેમ પોતાને વિષે ગુણ પરઠે છે અને ભગવાન ને સંત એનો દોષ દેખાડીને એની આગળ વાત કરે છે તે વાતને માને કરીને અવળી લે છે ને વાતના કરનારાનો અવગુણ લે છે તે તો દિવસે દિવસે ઘટતો જાય છે ને સત્સંગમાં પ્રતિષ્ઠાહીન થઈ જાય છે,** માટે પોતાને વિષે જે ગુણનું માન તેનો ત્યાગ કરીને શૂરવીર થઈને ભગવાન ને ભગવાનના



સંતને વિષે વિશ્વાસ રાખે તો એનો અવિવેક ટળી જાય છે ને સત્સંગમાં મોટપને પામે છે. **(૨)** ઇતિ વચનામૃતમ્ **॥૬॥**

### (૩) વચનામૃત ગઢડા પ્રથમનું - ૯

સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૧૨ દ્વાદશીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** ભગવાનનો પ્રત્યક્ષપણે નિશ્ચય કર્યો હોય ને તેની ભક્તિ કરતો હોય ને તેનાં દર્શન કરતો હોય તો પણ જે પોતાને પૂર્ણકામ ન માને ને અંતઃકરણમાં ન્યૂનતા વર્તે જે ધામને વિષે જે આ ને આ ભગવાનનું તેજોમય રૂપ છે, તે મુને જ્યાં સુધી દેખાણું નથી ત્યાં સુધી મારું પરિપૂર્ણ કલ્યાણ થયું નથી, એવું જેને અજ્ઞાન હોય તેના મુખથી ભગવાનની વાત પણ ન સાંભળવી. **(૧)**

**અને જે પ્રત્યક્ષ ભગવાનને વિષે દૃઢ નિષ્ઠા રાખે છે, ને તેને દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ માને છે, ને બીજું કાંઈ નથી ઇચ્છતો તેને તો ભગવાન પોતે બળાત્કારે પોતાના ધામને વિષે જે પોતાનાં ઐશ્વર્ય છે ને પોતાની મૂર્તિઓ છે તેને દેખાડે છે માટે જેને ભગવાનને વિષે અનન્ય નિષ્ઠા હોય તેને પ્રત્યક્ષ ભગવાન વિના બીજું કાંઈ ઇચ્છવું નહિ. (૨) ઇતિ વચનામૃતમ્ ॥૯॥**

### (૪) વચનામૃત ગઢડા પ્રથમનું - ૧૧

સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૧૪ ચૌદશને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, (**૧**) હે મહારાજ ! વાસનાનું શું રૂપ છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **પૂર્વે જે વિષય ભોગવ્યા હોય, દીઠા હોય**



**ને સાંભળ્યા હોય તેની જે અંતઃકરણને વિષે ઇચ્છા વર્તે તેને વાસના કહીએ. અને વળી જે વિષય ભોગવ્યામાં ન આવ્યા હોય ને તેની જે અંતઃકરણને વિષે ઇચ્છા વર્તે તેને પણ વાસના કહીએ. (૧)**

**૨** ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, (૨) હે મહારાજ ! ભગવાનનો એકાંતિક ભક્ત કેને કહીએ ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય ને પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય તે એકાંતિક ભક્ત કહેવાય. (૨) ઇતિ વચનામૃતમ્ ॥**૧૧**॥

### (૫) વચનામૃત ગઢડા પ્રથમનું - ૧૫

સંવત ૧૮૭૬ના માગશર વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, (**૧**)



**જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય તેને એવી વૃત્તિ રહે જે, ભગવાન તથા સંત તે મુને જે જે વચન કહેશે તેમ જ મારે કરવું છે, એમ તેના હૈયામાં હિંમત રહે, અને આટલું વચન મુથી મનાશે ને આટલું નહિ મનાય એવું વચન તો ભૂલે પણ ન કહે. (૧)**

અને વળી ભગવાનની મૂર્તિને હૈયામાં ધારવી તેમાં શૂરવીરપણું રહે ને મૂર્તિ ધારતાં ધારતાં જો ન ધરાય તો પણ કાયર ન થાય, ને નિત્ય નવી શ્રદ્ધા રાખે ને મૂર્તિ ધારતાં જ્યારે ભૂંડા ઘાટ-સંકલ્પ થાય ને તે હઠાવ્યા હઠે નહિ, તો ભગવાનનો મોટો મહિમા સમજીને, પોતાને પૂર્ણકામ માનીને, તે સંકલ્પને ખોટા કરતો રહે, ને ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે; તે ધારતાં ધારતાં દસ વર્ષ થાય અથવા વીસ વર્ષ થાય અથવા પચવીસ વર્ષ થાય અથવા સો વર્ષ થાય, તો પણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મૂકી દે નહિ, તે માટે એમ ને એમ ભગવાનને ધારતો રહે એવું જેને વર્તતું હોય તેને એકાંતિક ભક્ત કહીએ. (૨) ઇતિ વચનામૃતમ્ ॥**૧૫**॥



### (૬) વચનામૃત ગઢડા પ્રથમનું - ૧૬

સંવત ૧૮૭૬ના માગશર વદિ ૪ ચોથને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, (**૧**) **જે ભગવાનના ભક્તને સત્-અસત્‌નો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે, ને વિચારીને તેનો ત્યાગ કરી દે, અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય, તો તેને ત્યાગ કરી દે ને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે, અને પરમેશ્વરને વિષે તો તેને કોઈ અવગુણ ભાસે જ નહિ, અને ભગવાન ને સંત જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને, પણ તે વચનને વિષે સંશય કરે નહિ,** અને સંત કહે જે તું દેહ, ઇન્દ્રિયો, મન, પ્રાણથી જુદો છું ને સત્ય છું ને એનો

જાણનારો છું, ને એ દેહાદિક સર્વે અસત્ય છે એમ વચન કહે તેને સત્ય માનીને, તે સર્વેથી જુદો આત્મા રૂપે વર્તે પણ મનના ઘાટ ભેળો ભળી જાય નહિ અને જેણે કરીને પોતાને બંધન થાય ને પોતાના એકાંતિક ધર્મમાં ખોટ્ય આવે એવા જે પદાર્થ તથા કુસંગ તેને ઓળખી રાખે, ને તેથી છેટે જ રહે ને તેના બંધનમાં આવે જ નહિ, અને **સવળો વિચાર હોય તેને ગ્રહણ કરે, ને અવળો વિચાર હોય તેનો ત્યાગ કરે એવી રીતે જે વર્તતો હોય ત્યારે જાણીએ જે તેને વિવેક છે.** (૧) ઇતિ વચનામૃતમ્ ॥**૧૬**॥

## (૭) વચનામૃત ગઢડા પ્રથમનું - ૧૭

સંવત ૧૮૭૬ના માગશર વદિ ૫ પંચમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બારણે ઓરડામાં કથા વંચાવતા હતા અને ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી ચાદર ઓઢી હતી તથા ધોળી પાઘ બાંધી હતી અને પીળાં પુષ્પની માળા પહેરી હતી ને પીળાં પુષ્પનો તોરો પાઘને વિષે ખોસ્યો હતો અને અતિ પ્રસન્ન થકા વિરાજમાન હતા.



તે સમયને વિષે મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી આદિક સાધુને તેડાવ્યા ને શ્રીજીમહારાજ તે સર્વે પ્રત્યે બોલ્યા જે, (૧) આપણા સત્સંગમાં થોડોક કુસંગનો ભાગ રહ્યો જાય છે તે આજ કાઢવો છે, ને આ પ્રકરણ એવું ચલાવવું છે જે, સર્વે પરમહંસ તથા સાંખ્યયોગી તથા કર્મયોગી સર્વે સત્સંગીમાં પ્રવર્તે. તે **સત્સંગમાં કુસંગ તે શું છે ? તો જે વાતના કરનારા હિંમત વિનાની વાત કરે છે તે સત્સંગમાં કુસંગ છે. તે કેવી રીતે વાત કરે છે તો એમ કહે છે જે, ભગવાનનું જે વચન તેને યથાર્થ કોણ પાળી શકે છે ? ને વર્તમાન ધર્મ પણ યથાર્થ કોણ પાળી શકે છે ? માટે જેટલું પળે તેટલું પાળીએ ને ભગવાન તો અધમ-ઉદ્ધારણ છે તે કલ્યાણ કરશે અને વળી એમ વાત કરે છે જે, ભગવાનનું સ્વરૂપ જે હૃદયમાં ધારવું તે કાંઈ આપણું ધાર્યું ધરાતું નથી. એ તો ભગવાન જેને દયા કરીને ધરાવે છે તેને ધરાય છે. એવી રીતની મોળી વાત કરીને ધર્મ, જ્ઞાન,**



**વૈરાગ્ય ને ભક્તિ ઇત્યાદિક જે ભગવાનની પ્રસન્નતાનાં સાધન તેમાંથી બીજાને મોળા પાડે છે, માટે હવે આજ દિનથી આપણા સત્સંગમાં કોઈ પણ એવી હિંમત રહિત વાત કરશો નહિ; સદા હિંમત સહિત જ વાત કરજ્યો; અને જે એવી હિંમત રહિત વાત કરે તેને તો નપુંસક જાણવો, અને એવી હિંમત વિનાની વાત જે દિવસ થઈ જાય તે દિવસ ઉપવાસ કરવો.** (૧) ઇતિ વચનામૃતમ્ ॥**૧૭**॥

## (૮) વચનામૃત ગઢડા પ્રથમનું - ૨૦

સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૨ બીજને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ગાદી-તકિયો નખાવીને વિરાજતા હતા અને ધોળી પાઘ માથે બાંધી હતી ને તે પાઘને વિષે પીળાં ફૂલનો તોરો વિરાજમાન હતો અને કંઠને વિષે પીળાં પુષ્પનો હાર વિરાજમાન હતો અને બે કાનને વિષે ધોળાં ને પીળાં પુષ્પના ગુચ્છ



વિરાજમાન હતા અને ધોળો ચોફાળ ઓઢ્યો હતો ને કાળા છેડાનો ખેસ પહેર્યો હતો ને કથા વંચાવતા હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ બોલ્યા જે, (૧) સાંભળો : સર્વેને એક પ્રશ્ન પૂછીએ છીએ. ત્યારે સર્વે હરિભક્તે હાથ જોડીને કહ્યું જે પૂછો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની તે કોણ છે ? પછી તો સર્વે વિચારી રહ્યા પણ ઉત્તર કરી શક્યા નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો અમે જ ઉત્તર કરીએ. ત્યારે સર્વેએ રાજી થઈને કહ્યું જે, હે મહારાજ ! તમથી જ યથાર્થ ઉત્તર થાશે માટે કહો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુએ છે ને કુરૂપને જુએ છે તથા બાળ, યૌવન ને વૃદ્ધપણાને જુએ છે, એવા અનંત પદાર્થને જુએ છે, પણ જોનારો પોતે પોતાને જોતો નથી. અને કેવળ બાહ્યદૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે. પણ પોતે પોતાને

નથી જોતો તે જ અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે. અને જેમ નેત્રે કરીને અનંત પ્રકારના રૂપના સ્વાદને લે છે, તેમજ શ્રોત્ર, ત્વક્, રસના, ઘ્રાણ ઈત્યાદિક સર્વે ઈન્દ્રિયોએ કરીને વિષયસુખને ભોગવે છે, ને જાણે છે પણ **પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો નથી એ જ સર્વે અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે, ને એ જ ઘેલામાં અતિશે ઘેલો છે, ને એ જ મૂર્ખમાં અતિશે મૂર્ખ છે, ને એ જ સર્વે નીચમાં અતિશે નીચ છે.** (૧)

**૨** ત્યારે શુકમુનિએ આશંકા કરી જે, (૨) પોતાનું સ્વરૂપ જોવું તે શું પોતાના હાથમાં છે ? ને જો પોતાના હાથમાં હોય તો જીવ શીદ અતિશે અજ્ઞાની રહે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને સત્સંગ થયો છે, તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે ને કે દહાડે એણે પોતાના સ્વરૂપને જોયાનો આદર કર્યો, ને ન દીઠું ? **અને એ જીવ માયાને આધીન થકો પરવશ થઈને તો સ્વપ્ન ને સુષુપ્તિ અવસ્થામાં અંતર્દષ્ટિ કરીને જાય છે, પણ પોતે**



**પોતાને જાણે કોઈ દિવસ પોતાના સ્વરૂપને જોવાને અંતર્દષ્ટિ કરતો નથી. અને જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દષ્ટિ કરે છે, તે તો પોતાના સ્વરૂપને અતિશે ઉજ્જવળ પ્રકાશમાન જુએ છે. ને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે. અને અનાદિમુક્તો જેવો સુખિયો પણ થાય છે. માટે હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાની આળસે કરીને રહે છે.** (૨) ઈતિ વચનામૃતમ્ ॥**૨૦**॥

## (૯) વચનામૃત ગઢડા પ્રથમનું - ૨૨

સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૪ ચોથને દિવસ મધ્યાહ્ન સમે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધાર્યાં હતાં ને પાઘને વિષે ફૂલનો તોરો ખોસ્યો હતો ને બે કાન ઉપર પુષ્પના ગુચ્છ ધાર્યા હતા ને કંઠમાં ગુલદાવદીનાં પુષ્પનો હાર પહેર્યો હતો ને ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા



ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પરમહંસ કીર્તન ગાતા હતા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સાંભળો એક વાત કરીએ. ત્યારે સર્વે પરમહંસ ગાવવું રાખીને વાત સાંભળવા તત્પર થયા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) **મૃદંગ, સારંગી, સરોદા, તાલ ઈત્યાદિક વાજિંત્ર વજાડીને કીર્તન ગાવવાં, તેને વિષે જો ભગવાનની સ્મૃતિ ન રહે, તો એ ગાયું તે ન ગાયા જેવું છે, ને ભગવાનને વિસારીને તો જગતમાં કેટલાક જીવ ગાય છે, તથા વાજિંત્ર વજાડે છે, પણ તેણે કરીને તેના મનમાં શાંતિ આવતી નથી. તે માટે ભગવાનનાં કીર્તન ગાવવાં તથા નામરટણ કરવું તથા સ્વામિનારાયણ-ધુન્ય કરવી, ઈત્યાદિક જે જે કરવું તે ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું. અને ભજન કરવા બેસે ત્યારે તો ભગવાનને વિષે વૃત્તિ રાખે ને જ્યારે ભજનમાંથી ઊઠીને બીજી ક્રિયાને કરે, ત્યારે જો ભગવાનમાં વૃત્તિ ન રાખે તો તેની વૃત્તિ**



**ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનના સ્વરૂપમાં સ્થિર થાય નહીં, માટે હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં સર્વે ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો, તો તેને ભજનમાં બેસે ત્યારે ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય. અને જેને ભગવાનમાં વૃત્તિ રહેવા લાગે તેને તો કામકાજ કરતે પણ રહે, અને જેને ગાફલાઈ હોય તેને તો ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનમાં વૃત્તિ ન રહે. તે માટે સાવધાન થઈને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ ભગવાનના ભક્તને કરવો. એટલી વાત કરીને શ્રીજીમહારાજ બોલ્યા જે હવે કીર્તન ગાઓ.** (૧) ઈતિ વચનામૃતમ્ ॥**૨૨**॥

## (૧૦) વચનામૃત ગઢડા પ્રથમનું - ૨૮

સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૧૪ ચૌદશને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના ઓરડાની હારે જે ઓરડો તેની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત

વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુની જમવા પંક્તિ થઈ હતી.

**૧** તે સમે શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) **જે સત્સંગી સત્સંગમાંથી પાછો પડવાનો હોય તેને અસદ્ વાસનાની વૃદ્ધિ થાય છે, ને તેને પ્રથમ તો દિવસે દિવસે સત્સંગી માત્રનો અવગુણ આવે છે, ને પોતાના હૈયામાં એમ જાણે જે, સર્વે સત્સંગી તો અણસમજુ છે ને હું સમજુ છું, એમ સર્વેથી અધિક પોતાને જાણે, ને રાત્રિ-દિવસ પોતાના હૈયામાં મૂંઝાયા કરે, અને દિવસમાં કોઈ ઠેકાણે સુખે કરીને બેસે નહિ, ને રાત્રિમાં સૂએ તો નિદ્રા પણ આવે નહિ, ને ક્રોધ તો ક્યારેય મટે જ નહિ, ને અર્ધબળેલા કાષ્ઠની પેઠે ધૂંધવાયા કરે, એવું જેને વર્તે ત્યારે તેને એમ જાણીએ જે એ સત્સંગમાંથી પડવાનો થયો છે, ને એવો હોય ને તે જેટલા દિવસ સત્સંગમાં રહે પણ તેના હૈયામાં કોઈ દિવસ સુખ આવે નહિ ને અંતે પાછો પડી જાય છે. (૧) અને સત્સંગમાં જેને વધારો થવાનો હોય**



**તેને શુભ વાસના વૃદ્ધિ પામે છે, ત્યારે તેને દિવસે દિવસે સત્સંગી માત્રનો હૈયામાં ગુણ જ આવે. અને સર્વે હરિભક્તને મોટા સમજે ને પોતાને ન્યૂન સમજે, ને આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે, એવાં લક્ષણ જ્યારે હોય ત્યારે જાણીએ જે શુભ વાસના વૃદ્ધિ પામી છે, ને તે જેમ જેમ વધુ વધુ સત્સંગ કરે તેમ તેમ વધુ વધુ સમાસ થાતો જાય, ને અતિશે મોટ્યપને પામી જાય છે.** એવી રીતે શ્રીજીમહારાજ વાત કરીને જય સચ્ચિદાનંદ કહીને પોતાને આસને પધાર્યા. (૨) ઇતિ વચનામૃતમ્ ॥૨૮॥

### (૧૧) વચનામૃત ગઢડા પ્રથમનું - ૪૯

સંવત ૧૮૭૬ના મહા સુદિ ૧૪ ચૌદશને દિવસ સંધ્યા સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઓટા મધ્યે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ બે દીવીઓ બળતી હતી અને કંઠને વિષે પીળાં પુષ્પનો



હાર પહેર્યો હતો ને બે હાથમાં પીળાં પુષ્પના ગજરા ધારણ કર્યા હતા અને સર્વે ધોળાં વસ્ત્ર પહેર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે પ્રશ્ન-ઉત્તર કરો. પછી બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧) ભગવાનને વિષે વૃત્તિ રાખીએ છીએ તે તો સુધી જોરે કરીને રાખીએ છીએ ત્યારે રહે છે અને જગતના પદાર્થ સન્મુખ તો એની મેળે જ રહે છે તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનના ભક્ત હોય તેની વૃત્તિ તો ભગવાન વિના બીજે રહે જ નહિ અને તેને તો એ જ ફિકર રહે છે જે, મારે જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી તે તો ઘણું કઠણ પડશે, માટે પરમેશ્વરના ભક્ત હોય તેને તો જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી એ જ કઠણ છે અને જે જગતના જીવ છે તેને પરમેશ્વરમાં વૃત્તિ રાખવી તે ઘણી કઠણ છે, માટે જેને પરમેશ્વરમાં**



**વૃત્તિ ન રહે તે પરમેશ્વરનો ભક્ત નહિ અને તે સત્સંગમાં આવતો હોય તો એ ધીરે ધીરે સંતની વાર્તા સાંભળતાં સાંભળતાં પરમેશ્વરનો ભક્ત થાશે. (૧)**

૨ પછી બ્રહ્માનંદ સ્વામીએ વળી પૂછ્યું જે, **(૨)** એવી રીતે ભગવાનમાં વૃત્તિ રાખ્યાનું શું સાધન છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એનું સાધન તો અંતર્દષ્ટિ છે તે અંતર્દષ્ટિ તે શું, તો જેવા પોતાને **પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તેની મૂર્તિ સામું જોઈ રહેવું એ અંતર્દષ્ટિ છે;** અને તે મૂર્તિ વિના ષટ્ચક્ર દેખાય અથવા ભગવાનનાં ધામ દેખાય, તો પણ તે અંતર્દષ્ટિ નહિ, માટે ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને તે સામું જોઈ રહેવું અથવા બહાર ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું તેનું નામ અંતર્દષ્ટિ છે અને તે **મૂર્તિ વિના બીજે જ્યાં જ્યાં વૃત્તિ રહે તે સર્વે બાહ્યદૃષ્ટિ છે.** પછી વળી શ્રીજીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, હવે તો બે બે જણ થઈને સામસામા પ્રશ્ન-ઉત્તર કરો. પછી ઘણી વાર સુધી પરમહંસે પરસ્પર પ્રશ્ન-

ઉત્તર કર્યા તેને સાંભળતા થકા શ્રીજીમહારાજ તેમની બુદ્ધિની પરીક્ષા કરતા હવા. **(૨)** ઇતિ વચનામૃતમ્ ॥૪૯॥

## (૧૨) વચનામૃત ગઢડા પ્રથમનું - ૫૦

સંવત ૧૮૭૬ના મહા વદિ ૧ પડવાને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરની મેડીની ઓસરી આગળ પ્રાતઃકાળે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે એમ પૂછ્યું જે, **(૧)** જેને કુશાગ્રબુદ્ધિ હોય તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે તે કુશાગ્રબુદ્ધિ તે જે સંસાર-વ્યવહારમાં બહુ જાણતો હોય તેની કહેવાય કે નહિ ? અથવા શાસ્ત્ર-પુરાણના અર્થને બહુ જાણતો હોય તેની કહેવાય કે નહિ ? પછી એનો ઉત્તર મુનિએ કરવા માંડ્યો પણ થયો નહિ. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **કેટલાક તો વ્યવહારમાં અતિ ડાહ્યા હોય, તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ યત્ન**



**કરે નહિ તથા કેટલાક શાસ્ત્ર-પુરાણ-ઇતિહાસ તેના અર્થને સારી પેઠે જાણતા હોય, તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ પણ યત્ન કરે નહિ માટે એને કુશાગ્ર બુદ્ધિવાળા ન જાણવા; એને તો જાડી બુદ્ધિવાળા જાણવા અને જે કલ્યાણને અર્થે યત્ન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તો પણ તે કુશાગ્રબુદ્ધિવાળો છે અને જે જગત-વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે,** તો પણ તે જાડી બુદ્ધિવાળો છે, એ ઉપર શ્લોક છે જે :-

**યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી ।**
**યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ॥**

એ શ્લોકનો અર્થ એમ છે જે ભગવાનનું ભજન કરવું તેમાં તો સર્વ જગતના જીવની બુદ્ધિ રાત્રિની પેઠે અંધકારે યુક્ત વર્તે છે, કહેતાં ભગવાનનું ભજન નથી કરતા અને જે ભગવાનના ભક્ત છે તે તો, તે ભગવાનના ભજનને વિષે જાગ્યા છે; કહેતાં નિરંતર ભગવાનનું ભજન કરતા થકા વર્તે છે અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે



પંચવિષય તેને વિષે જીવ માત્રની બુદ્ધિ જાગ્રત વર્તે છે કહેતાં વિષયને ભોગવતા થકા જ વર્તે છે; અને જે ભગવાનના ભક્ત છે તેની બુદ્ધિ તો તે વિષયભોગને વિષે અંધકારે યુક્ત વર્તે છે કહેતાં તે વિષયને ભોગવતા નથી, માટે એવી રીતે જે **પોતાના કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તે છે તે જ કુશાગ્રબુદ્ધિવાળા છે ને તે વિના તો સર્વે મૂર્ખ છે. (૧)** ઇતિ વચનામૃતમ્ ॥૫૦॥

## (૧૩) વચનામૃત ગઢડા પ્રથમનું - ૫૧

સંવત ૧૮૭૬ના મહા વદિ ૨ બીજને દિવસ રાત્રિને સમે સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો સુરવાળ પહેર્યો હતો ને ધોળો અંગરખો પહેર્યો હતો ને માથે ધોળી પાઘ બાંધી હતી ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, કાંઈ પ્રશ્ન પૂછો.



પછી પૂર્ણાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧) દશ ઇન્દ્રિયો છે તે તો રજોગુણની છે અને ચાર અંતઃકરણ છે તે તો સત્ત્વગુણના છે, માટે એ સર્વે ઇન્દ્રિયો ને અંતઃકરણ તે તો માયિક છે ને ભગવાન તો માયાથી પર છે તેનો માયિક અંતઃકરણે કરીને કેમ નિશ્ચય થાય ? અને માયિક એવી જે ચક્ષુ આદિક ઇન્દ્રિયો તેણે કરીને ભગવાન કેમ જોયામાં આવે ?** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, માયિક વસ્તુએ કરીને માયિક પદાર્થ હોય તે જણાય, માટે માયિક જે અંતઃકરણ ને ઇન્દ્રિયો તેણે કરીને જો ભગવાન જણાણા તો એ ભગવાન પણ માયિક ઠર્યા એ રીતે તમારો પ્રશ્ન છે ? પછી પૂર્ણાનંદ સ્વામી તથા સર્વ મુનિએ કહ્યું જે એ જ પ્રશ્ન છે તેને હે મહારાજ ! તમે પુષ્ટ કરી આપ્યું. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે એનો તો ઉત્તર એમ છે જે, પચાસ કોટી યોજન પૃથ્વીનું પીઠ છે તે **પૃથ્વી** ઉપર ઘટપટાદિક અનેક પદાર્થ છે તે સર્વ પદાર્થમાં એ પૃથ્વી રહી છે ને પોતાને સ્વરૂપે કરીને નોખી પણ રહી છે અને જ્યારે પૃથ્વીની દૃષ્ટિએ

કરીને જોઈએ, ત્યારે એ સર્વ પદાર્થ રૂપે પૃથ્વી થઈ છે ને પૃથ્વી વિના બીજું કાંઈ પદાર્થ નથી ને તે પૃથ્વી જળના એક અંશમાંથી થઈ છે ને **જળ** તો પૃથ્વીની હેઠે પણ છે ને પડખે પણ છે ને ઉપર પણ છે ને પૃથ્વીના મધ્યમાં પણ જળ સર્વત્ર વ્યાપી રહ્યું છે. માટે જળની દૃષ્ટિએ કરીને જોઈએ તો પૃથ્વી નથી; એકલું જળ જ છે અને એ જળ પણ **તેજના** એક અંશમાંથી થયું છે, માટે તેજની દૃષ્ટિએ કરીને જોઈએ તો જળ નથી; એકલું તેજ જ છે અને તે તેજ પણ **વાયુના** એક અંશમાંથી થયું છે, માટે તે વાયુની દૃષ્ટિએ કરીને જોઈએ તો તેજ નથી; એકલો વાયુ જ છે ને તે વાયુ પણ **આકાશના** એક અંશમાંથી થયો છે, માટે જો આકાશની દૃષ્ટિએ કરીને જોઈએ તો વાયુ આદિક જે ચાર ભૂત ને તેનું કાર્ય જે પિંડ ને બ્રહ્માંડ તે કાંઈ ભાસે જ નહિ; એકલો આકાશ જ સર્વત્ર ભાસે અને એ આકાશ પણ તામસાહંકારના એક અંશમાંથી ઉત્પન્ન થયો છે ને તે **તામસાહંકાર, રાજસાહંકાર, સાત્ત્વિકાહંકાર** ને ભૂત,



ઇન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા એ સર્વે **મહત્તત્ત્વના** એક અંશમાંથી ઉત્પન્ન થયા છે, માટે મહત્તત્ત્વની દૃષ્ટિએ જોઈએ તો ત્રણ પ્રકારનો અહંકાર તથા ભૂત, ઇન્દ્રિયો, અંતઃકરણ, દેવતા એ સર્વે નથી; એકલું મહત્તત્ત્વ જ છે અને તે મહત્તત્ત્વ પણ **પ્રકૃતિના** એક અંશમાંથી ઉત્પન્ન થયું છે, માટે પ્રકૃતિની દૃષ્ટિએ જોઈએ તો મહત્તત્ત્વ નથી; એકલી પ્રકૃતિ જ છે અને તે પ્રકૃતિ પણ પ્રલયકાળમાં **પુરુષના** એક અંશમાં લીન થઈ જાય છે અને પાછી સૃષ્ટિ સમે એક અંશમાંથી ઉત્પન્ન થાય છે, માટે પુરુષની દૃષ્ટિએ કરીને જોઈએ તો પ્રકૃતિ નથી; એકલો પુરુષ જ છે અને **એવા અનંતકોટી પુરુષ છે** તે પુરુષોત્તમનું ધામ જે **અક્ષર** તેના એક દેશને વિષે લીન થઈ જાય છે ને પાછા ઊપજે છે, માટે એ **અક્ષરની દૃષ્ટિએ કરીને જોઈએ તો એ સર્વે નથી; એક અક્ષર છે અને તે અક્ષર થકી પર અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે છે, ને તે સર્વેની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેના કર્તા છે ને સર્વના કારણ છે અને જે કારણ હોય તે પોતાના કાર્યને**



**વિષે વ્યાપક હોય ને તેથી જુદું પણ રહે માટે એ સર્વના કારણ જે પુરુષોત્તમ ભગવાન તેની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહિ. એવા જે એ ભગવાન તે જ કૃપા કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વે મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે, ત્યારે જે જીવ સંતનો સમાગમ કરીને આ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એના ઇન્દ્રિયો-અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપ થઈ જાય છે, ત્યારે તેમણે કરીને આ ભગવાનનો નિશ્ચય થાય છે. જેમ હીરે કરીને જ હીરો વેંધાય છે પણ બીજા વતે નથી વેંધાતો, તેમ ભગવાનનો નિશ્ચય તે ભગવાન વતે જ થાય છે ને ભગવાનનું દર્શન પણ ભગવાન વતે જ થાય છે પણ માયિક એવાં જે ઇન્દ્રિયો-અંતઃકરણ તેણે કરીને નથી થાતો,** એમ વાર્તા કરીને શ્રીજીમહારાજ જય સચ્ચિદાનંદ કહીને પોતાને ઉતારે પધાર્યા. **(૧)** ઇતિ વચનામૃતમ્ ॥૫૧॥



## (૧૪) વચનામૃત ગઢડા પ્રથમનું - ૫૩

સંવત ૧૮૭૬ના મહા વદિ ૯ નવમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન હતા ને ધોળો સુરવાળ પહેર્યો હતો ને ધોળો અંગરખો પહેર્યો હતો ને જરકસી છેડાનું કસુંબલ ભારે શેલું કેડે બાંધ્યું હતું ને જરકસી છેડાનો ભારે કસુંબલ રેંટો માથે બાંધ્યો હતો ને તે પાઘમાં પુષ્પના તોરા ઝૂકી રહ્યા હતા ને કંઠમાં પુષ્પના હાર પહેર્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ સર્વે મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, કોઈ પ્રશ્ન પૂછો. ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧) કોઈક તો સત્સંગમાં રહીને દિવસ દિવસ પ્રત્યે વૃદ્ધિને પામતો જાય છે ને કોઈક તો સત્સંગમાં રહીને દિવસ દિવસ પ્રત્યે ઘટતો જાય છે તેનું શું કારણ છે ? પછી**

**શ્રીજીમહારાજ બોલ્યા જે, મોટા જે સાધુ તેનો જે અવગુણ લે છે તે ઘટતો જાય છે ને તે સાધુનો જે જે ગુણ લે છે તેનું અંગ વૃદ્ધિ પામતું જાય છે ને તેને ભગવાનને વિષે ભક્તિ પણ વૃદ્ધિ પામે છે, માટે તે સાધુનો અવગુણ ન લેવો, ને ગુણ જ લેવો ને અવગુણ તો ત્યારે લેવો જ્યારે પરમેશ્વરની બાંધેલ જે પંચવર્તમાનની મર્યાદા તેમાંથી કોઈક વર્તમાનનો તે સાધુ ભંગ કરે ત્યારે તેનો અવગુણ લેવો, પણ કોઈ વર્તમાનમાં તો ફેર ન હોય ને તેની સ્વાભાવિક પ્રકૃતિ ઠીક ન જણાતી હોય તેને જોઈને તે સાધુમાં બીજા ઘણાક ગુણ હોય તેનો ત્યાગ કરીને જો એકલા અવગુણને જ ગ્રહણ કરે તો તેના જ્ઞાન-વૈરાગ્યાદિક જે શુભ ગુણ તે ઘટી જાય છે, માટે વર્તમાનમાં ફેર હોય તો જ અવગુણ લેવો પણ અમથો ભગવાનના ભક્તનો અવગુણ લેવો નહિ ને જો અવગુણ લે નહિ તો તેને શુભ ગુણની દિવસ દિવસ પ્રત્યે વૃદ્ધિ થાતી જાય છે. (૧)** ઇતિ વચનામૃતમ્ **॥૫૩॥**



## (૧૫) વચનામૃત ગઢડા પ્રથમનું - ૫૪

સંવત ૧૮૭૬ના મહા વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને જરિયાન છેડાવાળો કસુંબલ રેંટો ઓઢ્યો હતો અને આસમાની રંગનો જરિયાની રેશમનો ફેંટો માથે બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ! શાસ્ત્રમાં કહ્યું છે જે, ભાગવત ધર્મને આશર્યો જે જીવ તે આંખ્યું મીંચીને ચાલ્યો જાય તો પણ પડેય નહિ ને આખડેય નહિ તે ભાગવત ધર્મ તે કિયા ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે:-

પ્રસંગમજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ ।
સ એવ સાધુષુ કૃતો મોક્ષદ્વારમપાવૃતમ્ ॥૧॥



**જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દઢ પ્રસંગ છે, તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના ભક્તને વિષે થાય તો એ ભગવાનના માર્ગ થકી કોઈ દિવસ પાછો પડે નહિ. (૧)**

**૨** પછી શુકમુનિએ પૂછ્યું જે, **(૨) ગમે તેવો આપત્કાળ પડે ને પોતાના ધર્મમાંથી ન ખસે તે કિયે લક્ષણે કરીને ઓળખાય ?** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જેને પરમેશ્વરના વચનની ખટક રહે અને નાનું-મોટું વચન લોપી શકે નહિ, એવી રીતનો જેનો સ્વભાવ હોય તેને ગમે તેવો આપત્કાળ આવે તો ય પણ એ ધર્મ થકી પડે જ નહિ, માટે જેને વચનમાં દઢતા છે તેનો જ ધર્મ દઢ રહે અને તેનો જ સત્સંગ પણ દઢ રહે. (૨)** ઇતિ વચનામૃતમ્ **॥૫૪॥**

## (૧૬) વચનામૃત ગઢડા પ્રથમનું - ૬૭

સંવત ૧૮૭૬ના ચૈત્ર સુદિ ૭ સાતમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે



દાદાખાચરના દરબારમાં મુનિને ઉતારે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** કોઈ પુરુષ છે તેને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી ને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિષે વાસના છે અને જે તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે, આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું અને જેટલું કાંઈ યત્ન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ આપે એવું જ કરે પણ દેહના સુખને અર્થે તો કાંઈ ક્રિયા કરે જ નહિ, એવા જે પુરુષ હોય તેના સરખા જે ગુણ તે મુમુક્ષુને વિષે કેમ સમજે તો આવે ? એ પ્રશ્ન છે. પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, જેને આ લોકના સુખમાં ઇચ્છા નથી એવા સત્પુરુષ છે તેને વિષે દેવની બુદ્ધિ રાખે અને જે

વચન કહે તે સત્ય માને ને તે પ્રમાણે વર્તે તો એ સત્પુરુષના ગુણ હોય તે મુમુક્ષુમાં આવે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ ઉત્તર તો ખરો પણ **આમ સમજે તો મોટા સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે છે તે સમજ્યાની રીત કહીએ તે સાંભળો જે, જે પુરુષને પરમેશ્વર વિના બીજે ક્યાંઈ પ્રીતિ ન હોય તેનો એમ ગુણ ગ્રહણ કરે જે, આ પુરુષ તો અતિશે મોટા છે ને એને આગળ લાખો માણસ હાથ જોડીને ઊભા રહે છે તો પણ લેશમાત્ર સંસારના સુખને ઇચ્છતા નથી અને હું તો અતિશે પામર છું, જે કેવળ સંસારના સુખમાં આસક્ત થઈ રહ્યો છું અને પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર સમજતો જ નથી, માટે મુને ધિક્કાર છે એવી રીતે અનુતાપ કરે, અને મોટાપુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે, પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઊપજે ને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે. (૧)**

**૨ હવે જેના હૃદયમાં સત્પુરુષના ગુણ ન આવે**



**તેનાં લક્ષણ કહીએ તે સાંભળો જે, (૨) જે પુરુષ એમ સમજે જે, આ મોટા કહેવાય છે પણ વિવેક તો કોઈ પ્રકારનો નથી અને ખાતાં-પીતાં પણ આવડતું નથી અને ઓઢતાં-પહેરતાં પણ આવડતું નથી ને પરમેશ્વરે સુખ ઘણું આપ્યું છે તેને ભોગવતાં પણ આવડતું નથી અને કોઈને આપે છે તે પણ વિવેક વિનાનું આપે છે, એવી રીતે સત્પુરુષમાં અનંત પ્રકારના અવગુણ પરઠે એવો જે કુમતિ પુરુષ હોય તેને વિષે કોઈ કાળે સત્પુરુષના ગુણ આવે જ નહિ. (૨)** ઇતિ વચનામૃતમ્ ॥૬૭॥

## (૧૭) વચનામૃત ગઢડા પ્રથમનું - ૭૬

સંવત ૧૮૭૬ના પ્રથમ જયેષ્ઠ સુદિ ૧૧ એકાદશીને દિવસ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ પોતાના ઉતારાને વિષે વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મોટા મોટા સાધુ કેટલાક બેઠા હતા.



**૧** તેમની આગળ શ્રીજીમહારાજે વાર્તા કરી જે, **(૧) ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી ને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તો ય પણ તે સાથે અમારે બને નહિ,** અને ક્રોધ ને ઈર્ષ્યા એ બેય માનને આશરે રહે છે. (૧) અને **કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી, જે એ સત્સંગી છે** અને **કામી તો સત્સંગમાં હોય તો ય વિમુખ જેવો છે.** (૨) અને **જેને પંચવર્તમાનમાં કોઈ વાતે ખોટ ન હોય, અને ગમે તેવા વચનના ભીડામાં લેઈએ ને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહપર્યંત મૂંઝાય નહિ એવો હોય, તે પાકો સત્સંગી છે, અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહેજે જ હેત થાય છે અને એવા ગુણ ન હોય તો હેત કરવા જાઈએ તો પણ હેત થાય નહિ, અને અમારી તો એ જ પ્રકૃતિ છે જે, જેના હૃદયમાં ભગવાનની એવી પરિપૂર્ણ ભક્તિ હોય, તે ઉપર જ હેત થાય છે.** (૩) ઇતિ વચનામૃતમ્ ॥૭૬॥



## (૧૮) વચનામૃત સારંગપુરનું - ૮

સંવત ૧૮૭૭ના શ્રાવણ વદિ ૧૨ દ્વાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી ચૈતન્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ**! ઈર્ષ્યાનું શું રૂપ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેના હૃદયમાં માન હોય તે માનમાંથી ઈર્ષ્યા પ્રવર્તે છે અને ક્રોધ, મત્સર ને અસૂયા તે પણ માનથી પ્રવર્તે છે. તે ઈર્ષ્યાનું એ રૂપ છે જે, પોતાથી જે મોટા હોય પણ તેનું જ્યારે સન્માન થાય ત્યારે તેને દેખી શકે નહિ એવો જેનો સ્વભાવ હોય તેને એમ જાણવો જે આના હૈયામાં ઈર્ષ્યા છે અને યથાર્થ ઈર્ષ્યાવાળો હોય તે તો કોઈની મોટાઈને દેખી શકે**

**જ નહિ.(૧)** ઇતિ વચનામૃતમ્ ॥૮॥ **(૮૬)**

**(૧૯) વચનામૃત પંચાળાનું - ૫**

સંવત ૧૮૭૭ના ફાગણ વદિ ૮ અષ્ટમીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટાને વિષે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી ને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** કિયે ઠેકાણે માન સારું છે ને કિયે ઠેકાણે સારું નથી ? ને કિયે ઠેકાણે નિર્માનીપણું સારું છે ને કિયે ઠેકાણે સારું નથી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જે સત્સંગનો દ્રોહી હોય ને પરમેશ્વરનું ને મોટા સંતનું ઘસાતું બોલતો હોય તેની આગળ તો માન રાખવું તે જ સારું છે અને તે ઘસાતું બોલે ત્યારે તેને તીખા બાણ જેવું**



**વચન મારવું પણ વિમુખની આગળ નિર્માની થાવું નહિ તે જ રૂડું છે; અને ભગવાન ને ભગવાનના સંતની આગળ તો જે માન રાખવું તે સારું નથી ને તેની આગળ તો માનને મૂકીને દાસાનુદાસ થઈને નિર્માનીપણે વર્તવું તે જ રૂડું છે. (૧)** ઇતિ વચનામૃતમ્ **॥૫॥ (૧૩૧)**

**(૨૦) વચનામૃત ગઢડા મધ્યનું - ૭**

સંવત ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૧૧ એકાદશીને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** ભગવાનનો ભક્ત હોય તેના મનમાં તો એમ હોય જે ભગવાનના ભજનમાં અંતરાય કરે એવો એકે સ્વભાવ રાખવો નથી, તો ય પણ અયોગ્ય સ્વભાવ



રહી જાય તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને વૈરાગ્યની દુર્બળતા હોય તેને ટાળ્યાની શ્રદ્ધા હોય તો ય સ્વભાવ ટળે નહિ, જેમ દરિદ્રી હોય તે ઘણો સારાં સારાં ભોજન ને સારાં સારાં વસ્ત્રને ઇચ્છે પણ તે ક્યાંથી મળે ? તેમ વૈરાગ્યહીન હોય તેના હૃદયમાં ઇચ્છા તો હોય પણ સાધુતાના ગુણ આવવા ઘણા દુર્લભ છે. **(૧)**

**૨** પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** જેને વૈરાગ્ય ન હોય તે શો ઉપાય કરે ત્યારે વિકાર ટળે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જે વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય તેની અતિશે સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે પછી પરમેશ્વર તેને કૃપાદૃષ્ટિએ કરીને જુએ જે, આ બિચારો વૈરાગ્ય રહિત છે તેને કામ-ક્રોધાદિક બહુ પીડે છે, માટે એના એ સર્વે વિકાર ટળો, તો તત્કાળ ટળી જાય અને સાધને કરીને તો બહુ કાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે અને તરત જે વિકાર માત્ર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે. (૨)** ઇતિ વચનામૃતમ્ **॥૭॥ (૧૪૦)**



**(૨૧) વચનામૃત ગઢડા મધ્યનું - ૩૭**

સંવત ૧૮૮૦ના ભાદરવા વદિ ૧ પડવાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** શાસ્ત્રમાં કહ્યું છે જે જ્ઞાની હોય તે પણ પોતાની પ્રકૃતિ સરખું આચરણ કરે, અને શાસ્ત્રે કહ્યો એવો જે નિગ્રહ તેનું જોર ચાલે નહિ. માટે એ સ્વાભાવિક પ્રકૃતિ છે તે શે ઉપાયે કરીને ટળે ? પછી સર્વે જે મુનિમંડળ તેણે વિચારી જોયું, પણ શ્રીજીમહારાજના પ્રશ્નનો ઉત્તર થાય એમ જણાણું નહિ, પછી શ્રીજીમહારાજ બોલ્યા જે એનો ઉત્તર એમ છે જે, **એ સ્વભાવ મુકાવ્યા સારુ જે સત્પુરુષ ઉપદેશ કરતા હોય, તેના વચનને વિષે અતિશે વિશ્વાસ હોય અને ઉપદેશના કરનારાની ઉપર**

**સાંભળનારાને અતિશે પ્રીતિ હોય, અને ઉપદેશનો કરનારો હોય તે ગમે તેટલાં દુઃખવીને કઠણ વચન કહે તો પણ તેને હિતકારી જ માનતો જાય, તો સ્વાભાવિક જે પ્રકૃતિ છે તે પણ નાશ થઈ જાય, પણ એ વિના બીજો કોઈ ઉપાય નથી,** માટે **જેને પોતાની પ્રકૃતિ ટાળ્યાની ઇચ્છા હોય, તેને પરમેશ્વર તથા સત્પુરુષ તે સ્વભાવ ટાળ્યા સારુ ગમે તેટલા તિરસ્કાર કરે, ને ગમે તેવાં કઠણ વચન કહે તો પણ કોઈ રીતે દુઃખાવું નહિ, ને કહેનારાનો ગુણ જ લેવો એવી રીતે વર્તે તો કોઈ રીતે ન ટળે એવી પ્રકૃતિ હોય તો ય પણ ટળી જાય છે. (૧)** ઇતિ વચનામૃતમ્ ॥૩૭॥(૧૭૦)

## (૨૨) વચનામૃત ગઢડા મધ્યનું - ૪૦

સંવત ૧૮૮૦ના આસો વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાનાને ઉતારાના વિષે વિરાજમાન હતા પછી સ્નાન કરીને શ્વેત વસ્ત્ર ધારણ કરીને પોતાના આસન ઉપર વિરાજમાન થયા ને પોતાનું દેવાર્ચનાદિક જે નિત્ય કર્મ



તેને કરીને ઉત્તરાદે મુખે શ્રીકૃષ્ણ ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હવા તે પ્રતિદિન જેટલા દંડવત્ પ્રણામ કરતા તેથી તે દિવસે તો પોતે એક દંડવત્ પ્રણામ અધિક કર્યો; તેને જોઈને શુક મુનિએ પૂછ્યું જે, **(૧)** હે મહારાજ ! આજ તમે એક પ્રણામ અધિક કેમ કર્યો ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, નિત્ય પ્રત્યે તો અમે શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર કરીને એમ કહેતા જે, હે મહારાજ ! આ દેહાદિકને વિષે અહંમમત્વ હોય તેને તમે ટાળજ્યો અને **આજ તો અમને એવો વિચાર થયો જે ભગવાનના ભક્તનો મને, વચને ને દેહે કરીને જે કાંઈક જાણ્યે-અજાણ્યે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુઃખ થાય છે તેવું બીજે કોઈ પાપે કરીને થાતું નથી. માટે જાણે-અજાણે મને-વચને-દેહે કરીને જે કાંઈ ભગવાનના ભક્તનો દ્રોહ બણી આવ્યો હોય તેનો દોષ નિવારણ કરાવ્યા સારુ એક પ્રણામ અધિક કર્યો. (૧) અને અમે તો એમ જાણ્યું છે જે ભગવાનના ભક્તના દ્રોહે કરીને જેવું આ જીવનું ભૂંડું થાય છે ને**



**એ જીવને કષ્ટ થાય છે તેવું કોઈ પાપે કરીને થાતું નથી. અને ભગવાનના ભક્તની મને-વચને-દેહે કરીને જે સેવા બણી આવે ને તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે ને એ જીવને સુખ થાય છે તેવું બીજે કોઈ સાધને કરીને થાતું નથી. (૨) અને એ ભગવાનના ભક્તનો જે દ્રોહ થાય છે તે લોભ, માન, ઈર્ષ્યા ને ક્રોધ એ ચારે કરીને થાય છે. અને ભગવાનના ભક્તનું જે સન્માન થાય છે તે જેમાં એ ચાર વાનાં ન હોય તેથી થાય છે. માટે જેને આ દેહે કરીને પરમ સુખિયા થાવું હોય ને દેહ મૂક્યા કેડે પણ પરમ સુખિયા થાવું હોય તેને ભગવાનના ભક્તનો મને-વચને-દેહે કરીને દ્રોહ ન કરવો, અને જો ભગવાનના ભક્તનો કાંઈક દ્રોહ થઈ જાય તો તેની વચને કરીને પ્રાર્થના કરવી ને મને કરીને ને દેહે કરીને તેને દંડવત્ પ્રણામ કરવા ને ફરીને દ્રોહ ન થાય એવી રીતે વર્ત્યાનો આદર કરવો, પણ એક વાર દ્રોહ કરીને દંડવત્ પ્રણામ કર્યા ને વળી ફરીને દ્રોહ કરીને દંડવત્ પ્રણામ કરવા એવી**



**રીતે વર્તવું નહિ. અને આ વાર્તા દાડી સાંભરતી રહે તે સારુ આજથી સર્વે સંત તથા સર્વે હરિભક્ત માત્ર એવો નિયમ રાખજ્યો જે, ભગવાનની પૂજા કરીને પોતાના નિત્ય નિયમના જે દંડવત્ પ્રણામ હોય તે કરવા ને તે પછી બધા દિવસમાં જે કાંઈ જાણે-અજાણે મને-વચને-દેહે કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થયો હોય તેનું નિવારણ કરાવવા સારુ એક દંડવત્ પ્રણામ નિત્યે કરવો એમ અમારી આજ્ઞા છે તેને સર્વે પાળજ્યો. (૩)** ઇતિ વચનામૃતમ્ ॥૪૦॥ **(૧૭૩)**

## (૨૩) વચનામૃત ગઢડા મધ્યનું - ૪૧

સંવત ૧૮૮૦ કાર્તિક વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે પીળાં પુષ્પના હાર

પહેર્યા હતા ને પાઘને વિષે પીળાં પુષ્પના તોરા ખોસ્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ કૃપા કરીને પોતાના ભક્તજનને ઉપદેશ કરતા થકા બોલ્યા જે, **(૧) જેને પરમેશ્વર ભજવા હોય તેને ભગવાનની અથવા ભગવાનના ભક્તની સેવા-ચાકરી મળે ત્યારે પોતાનું મોટું ભાગ્ય માનીને તે સેવા કરવી તે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ને પોતાના કલ્યાણને અર્થે ભક્તિએ કરીને જ કરવી, પણ કોઈક વખાણે તે સારુ ન કરવી. અને જીવનો તો એવો સ્વભાવ છે જે જેમાં પોતાને માન જડે તે જ કરવું સારું લાગે, પણ માન વિના એકલી તો ભગવાનની ભક્તિ કરવી પણ સારી લાગે નહિ, અને જેમ શ્વાન હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે, પછી તેણે કરીને પોતાનું મોઢું છોલાય ને તે હાડકું લોહિયાળું થાય, તેને ચાટીને રાજી થાય છે, પણ મૂર્ખ એમ નથી જાણતો જે મારા જ મોઢાનું લોહી છે તેમાં હું સ્વાદ માનું છું, તેમ**



**ભગવાનનો ભક્ત હોય તો પણ માનરૂપી હાડકાને મૂકી શકતો નથી અને જે જે સાધન કરે છે તે માનને વશ થઈને કરે છે, પણ કેવળ ભગવાનની ભક્તિ જાણીને ભગવાનની પ્રસન્નતાને અર્થે કરતો નથી અને ભગવાનની ભક્તિ કરે છે તેમાં પણ માનનો સ્વાદ આવે છે, ત્યારે કરે છે પણ કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે નથી કરતો અને માન વિના કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ તો રતનજી તથા મિયાંજી જેવા કોઈક જ કરતા હશે પણ સર્વેથી તો માનનો સ્વાદ મૂકી શકાતો નથી.**

પછી તે ઉપર મુક્તાનંદ સ્વામીએ સાખી કહી જે :-

કનક તજ્યો કામની તજ્યો, તજ્યો ધાતુકો સંગ;
તુલસી લઘુ ભોજન કરી, જીવે માનકે રંગ.

એ સાખીને સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, **જેવો જીવને માનમાંથી સ્વાદ આવે છે તેવો તો કોઈ પદાર્થમાંથી આવતો નથી માટે માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે હરિભક્તમાં અતિશે મોટો જાણવો. (૧)** ઈતિ વચનામૃતમ્ ॥૪૧॥ **(૧૭૪)**



## (૨૪) વચનામૃત ગઢડા મધ્યનું - ૪૯

સંવત ૧૮૮૦ના ફાગણ સુદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણે બાર મેડીની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદી, તકિયા બિછાવીને વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પાઘમાં ધોળાં પુષ્પનો હાર લટકતો મૂક્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧) પ્રત્યક્ષ ભગવાનની જે મૂર્તિ ને બીજા જે માયિક આકાર એ બેયને વિષે તો ઘણો ફેર છે, પણ જે અજ્ઞાની છે ને અતિશે મૂર્ખ છે તે તો ભગવાનને ને માયિક આકારને સરખા જાણે છે કેમ જે માયિક આકારના જે જોનારા છે ને માયિક આકારના જે ચિંતવન કરનારા છે તે તો અનંતકોટી કલ્પ સુધી નરક ચોરાશીને વિષે ભમે છે. (૧) અને જે ભગવાનના સ્વરૂપનાં દર્શન કરનારા છે**



**ને ભગવાનના સ્વરૂપના ચિંતવન કરનારા છે તે તો કાળ, કર્મ ને માયા એ સર્વેનાં બંધન થકી છૂટીને અભયપદને પામે છે ને ભગવાનના પાર્ષદ થાય છે,** માટે **અમારે તો ભગવાનની કથા, કીર્તન, વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થાતી જ નથી, ને તમારે પણ સર્વેને એવી રીતે કરવું. (૨)** ઈતિ વચનામૃતમ્ ॥૪૯॥ **(૧૮૨)**

## (૨૫) વચનામૃત ગઢડા મધ્યનું - ૫૩

સંવત ૧૮૮૦ના વૈશાખ સુદિ ૫ પંચમીને દિવસ શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે ગાદી-તકિયા બિછાવીને વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** શાસ્ત્રને વિષે જે મોહ કહ્યો છે તે મોહનું એ રૂપ છે જે **જ્યારે હૃદયને વિષે મોહ વ્યાપે ત્યારે એ જીવને પોતાનો**

**અવગુણ તો સૂઝે જ નહિ માટે પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહનું રૂપ છે. (૧)** અને વળી જીવમાત્રને પોતાના ડહાપણનું અતિશે માન હોય પણ એમ વિચારે નહિ જે મુને મારા જીવની ખબર નથી જે **આ શરીરમાં જીવ રહ્યો છે તે કાળો છે કે ગોરો છે કે લાંબો છે કે ટૂંકો છે એની કાંઈ ખબર નથી, તો પણ મોટાપુરુષ હોય અથવા ભગવાન હોય તેને વિષે પણ ખોટ કાઢે અને એમ સમજે જે આ મોટાપુરુષ છે અથવા ભગવાન છે, પણ આટલું ઠીક કરતા નથી એમ ખોટ કાઢે છે, પણ એ મૂર્ખો એમ નથી જાણતો જે એ ભગવાન તો અનંતકોટી બ્રહ્માંડને વિષે રહ્યા એવા જે જીવ ને ઈશ્વર તેને જેમ હથેળીમાં જળનું ટીપું હોય ને તેને દેખે તેમ દેખે છે.** અને અનંતકોટી બ્રહ્માંડના આધાર છે, ને મુક્તોના સ્વામી છે, અને અનંતકોટી બ્રહ્માંડના કર્તા-હર્તા છે, અને મોટા મોટા અવતારો પણ જેના મહિમાના પારને પામતા નથી અને અનંત અનાદિમુક્તો પણ જેના મહિમાને નેતિ નેતિ કહે છે, માટે એવા જે પરમેશ્વર તેનાં ચરિત્રને વિષે ને તે ભગવાનની જે સમજણ તેને વિષે જે



દોષ દેખે છે તેને વિમુખ ને અધર્મી જાણવો, અને સર્વ મૂર્ખનો રાજા જાણવો, અને ભગવાન ને ભગવાનના ભક્ત તેની તો અલૌકિક સમજણ હોય તેને દેહાભિમાની જીવ ક્યાંથી સમજી શકે ? માટે પોતાની મૂર્ખાઈએ કરીને ભગવાન ને ભગવાનના જે ભક્ત તેનો અવગુણ લઈને વિમુખ થઈ જાય છે. અને એ ભગવાનના ખરેખરા ભક્ત જે સત્પુરુષ હોય તે તો અલૌકિક દૃષ્ટિએ યુક્ત વર્ત્યા કરે છે. **(૨)** ઈતિ વચનામૃતમ્ ।।૫૩।। (૧૮૬)

### (૨૬) વચનામૃત ગઢડા મધ્યનું - ૫૪

સંવત ૧૮૮૦ના જ્યેષ્ઠ સુદિ ૭ સપ્તમીને દિવસ ત્રીજા પહોરને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાંથી ઘોડીએ અસવાર થઈને શ્રી લક્ષ્મીવાડીએ પધાર્યા હતા ત્યાં ઘણી વાર સુધી તો ઘોડી ફેરવી, પછી તે વાડી મધ્યે વેદી ઉપર વિરાજમાન થયા હતા અને સર્વે શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને મસ્તક ઉપર કાળા છેડાની ધોતલી બાંધી હતી ને કંઠને વિષે મોગરાનાં પુષ્પનો હાર વિરાજમાન હતો ને પાઘને વિષે



તોરો વિરાજમાન હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૧) અષ્ટાંગયોગ, સાંખ્ય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ ને દાનાદિક એણે કરીને હું તેવો વશ થાતો નથી જેવો સત્સંગે કરીને વશ થાઉં છું, માટે સર્વ સાધન કરતાં સત્સંગ અધિક થયો તે જેને સર્વે સાધન થકી સત્સંગ અધિક જણાતો હોય તે પુરુષનાં કેવાં લક્ષણ હોય ? પછી જેને જેવું સમજાણું તેવું તેણે કહ્યું પણ યથાર્થ ઉત્તર થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને ભગવાનના સંતને વિષે જ આત્મબુદ્ધિ છે, જેમ કોઈક રાજા હોય ને તે વાંઝિયો હોય ને પછી તેને ઘડપણમાં દીકરો આવે પછી તે છોકરો તેને ગાળો દે, મૂછો તાણે તો પણ અભાવ આવે નહિ અને કોઈકના છોકરાને મારે તથા ગામમાં અનીતિ કરી આવે તો પણ કોઈ રીતે તેનો અવગુણ આવે જ નહિ; શા માટે જે એ રાજાને પોતાના દીકરાને વિષે**



**આત્મબુદ્ધિ થઈ ગઈ છે, એવી જેને ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ થાય છે તેણે જ સર્વ સાધન થકી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે. (૧)** ઈતિ વચનામૃતમ્ ।।૫૪।। (૧૮૭)

### (૨૭) વચનામૃત વરતાલનું - ૯

સંવત ૧૮૮૨ના પોષ સુદિ ૮ અષ્ટમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરની આગળ મંચ ઉપર ગાદી-તકિયા બિછાવીને વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી શ્રીજીમહારાજે મુનિમંડળ સમસ્ત પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** રાજસી, તામસી ને સાત્ત્વિકી એ ત્રણ પ્રકારનું જે માયિક સુખ તે જેમ ત્રણ અવસ્થાને વિષે જણાય છે, તેમ નિર્ગુણ એવું જે ભગવાન સંબંધી સુખ તે કેમ જણાય છે ? પછી એ પ્રશ્નનો ઉત્તર મુનિમંડળ સમસ્ત

મળીને કરવા માંડ્યો પણ એનું સમાધાન થયું નહિ, પછી **શ્રીજીમહારાજ બોલ્યા જે, પૃથ્વી આદિક ચાર ભૂત વિના એકલો જ આકાશ હોય અને જેટલા આકાશને વિષે તારા છે તેટલા ચંદ્રમા હોય, ને તેનો જેવો પ્રકાશ થાય, તેવો ચિદાકાશનો પ્રકાશ છે; અને તે ચિદાકાશને મધ્યે સદાય ભગવાનની મૂર્તિ વિરાજમાન છે, તે મૂર્તિને વિષે જ્યારે સમાધિ થાય ત્યારે એક ક્ષણ માત્ર ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય, તે ભજનના કરનારાને એમ જણાય જે હજારો વર્ષ પર્યંત મેં સમાધિને વિષે સુખ ભોગવ્યું. એવી રીતે ભગવાનના સ્વરૂપ સંબંધી જે નિર્ગુણ સુખ તે જણાય છે, અને જે માયિક સુખ છે તે બહુકાળ ભોગવ્યું હોય તો પણ અંતે ક્ષણ જેવું જણાય છે, માટે ભગવાનના સ્વરૂપ સંબંધી જે નિર્ગુણ સુખ છે તે અખંડ અવિનાશી છે, ને જે માયિક સુખ છે તે નાશવંત છે. (૧)** ઇતિ વચનામૃતમ્ ॥૯॥ (૨૦૯)



## (૨૮) વચનામૃત વરતાલનું - ૧૬

સંવત ૧૮૮૨ના પોષ વદિ ૧૩ તેરશને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષ હેઠે મંચ ઉપર ગાદી-તકિયા બિછાવીને વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમસ્ત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** તે સભામાં વડોદરાના શાસ્ત્રી બેઠા હતા તેણે એમ કહ્યું જે, **(૧)** હે મહારાજ ! તમે જો કોઈક મોટા માણસને ચમત્કાર જણાવો તો તેમાંથી ઘણો સમાસ થાય. પછી **શ્રીજીમહારાજ બોલ્યા જે, મોટા માણસ સાથે અમારે ઝાઝું બને નહિ. શા માટે જે એને રાજનો ને ધનનો મદ હોય, અને અમારે ત્યાગનો ને ભક્તિનો મદ હોય, માટે કોઈ કેને નમી દે એવું કામ નથી. અને કોઈક મોટા માણસને જો સમાધિ કરાવીએ તો કોઈક ગામ-ગરાસ આપે તેની અમારા હૈયામાં લાલચ નથી, કેમ જે ગામ-ગરાસ તો સુખને અર્થે ઇચ્છીએ તે અમારે**



**તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજ્યને વિષે પણ નથી અને જો ભગવાનના ભજન જેવું રાજ્યને વિષે સુખ હોય તો સ્વાયંભુવ મનુ આદિક જે મોટા મોટા રાજા તે સર્વે રાજ્ય મૂકીને વનમાં તપ કરવા શા સારુ જાય ? અને ભગવાનના ભજન જેવું સ્ત્રીને વિષે સુખ હોય તો ચિત્રકેતુ રાજા કરોડ સ્ત્રીઓને શા સારુ મૂકે ? અને ભગવાનના ભજનના સુખ આગળ તો ચૌદ લોકનું જે સુખ તે નરક જેવું કહ્યું છે, માટે જે ભગવાનને સુખે સુખિયો થયો હોય તેને તો બ્રહ્માંડને વિષે જે વિષયનું સુખ છે તે નરક તુલ્ય ભાસે છે. (૧) અને અમારે પણ ભગવાનના ભજનનું સુખ તે જ સુખ જણાય છે અને બીજું સર્વે દુઃખરૂપ જણાય છે, માટે પરમેશ્વરનું ભજન-સ્મરણ કરતાં થકાં જેને સહેજે સત્સંગ થાય તેને કરાવીએ છીએ પણ કોઈ વાતનો અંતરમાં આગ્રહ નથી, ને આગ્રહ તો કેવળ ભગવાનના ભજનનો અને ભગવાનના ભક્તનો સત્સંગ રાખ્યાનો છે. એ અમારા અંતરનો રહસ્ય**



**અભિપ્રાય હતો તે અમે તમારી આગળ કહ્યો. (૨)** ઇતિ વચનામૃતમ્ ॥૧૬॥ (૨૧૬)

## (૨૯) વચનામૃત વરતાલનું - ૧૯

સંવત ૧૮૮૨ના મહા સુદિ ૨ બીજને દિવસ શ્રીજીમહારાજ સાંઝને સમે શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરમાં ઉગમણી કોરની રૂપચોકી ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી ઠાકોરજીની સંધ્યા-આરતી થઈ રહી ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** સાંભળો ભગવાનની વાર્તા કરીએ છીએ જે, **આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે, પછી એ ભગવાનનો**

**ભક્ત થયો તેને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ રાખવી ઘટે નહિ, શા માટે જે ભગવાનના ધામનું જે સુખ છે તેની આગળ માયિક પંચવિષયનું સુખ છે તે તો નરક જેવું છે, અને જે નરકના કીડા છે તે તો નરકને વિષે પરમ સુખ માને છે, પણ જે મનુષ્ય હોય તે તો તે નરકને પરમ દુઃખદાયી જાણે છે, તેમ જેને ભગવાનની ઓળખાણ થઈ તે તો ભગવાનનો પાર્ષદ થયો ને તેને ભગવાનનો પાર્ષદ મટીને વિષ્ટાના કીડાની પેઠે માયિક પંચવિષયના સુખને ઇચ્છવું નહિ. અને જે ભગવાનનો ભક્ત હોય તે તો જે જે મનોરથ કરે તે સર્વે સત્ય થાય છે, માટે ભગવાન વિના બીજા પદાર્થને અણસમજણે કરીને જે ઇચ્છે છે એ જ એને મોટો અવિવેક છે, તે સારુ જે ભગવાનનો ભક્ત હોય તેને તો ચૌદ લોકમાં જે ભોગ-સુખ છે તેને કાકવિષ્ટા તુલ્ય જાણ્યાં જોઈએ ને મન-કર્મ-વચને કરીને ભગવાનના ભક્તને વિષે જ દૃઢ પ્રીતિ કરી જોઈએ** અને એમ સમજ્યું જોઈએ જે, જે ભગવાનનો ભક્ત હોય ને તેને જો કદાચિત્ ભગવાન વિના બીજી વાસના રહી



ગઈ હોય તો તે પણ ઇંદ્રની પદવીને પામે, કાં બ્રહ્મલોકને પામે પણ પ્રાકૃત જીવની પેઠે નરક ચોરાશીમાં તો જાય જ નહિ. ત્યારે જે યથાર્થ ભગવાનનો ભક્ત હોય તેનો જે મહિમા ને તેનું જે સુખ તે તો વર્ણવ્યામાં જ કેમ આવે ? માટે ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનમાં જ દૃઢ પ્રીતિ રાખવી. **(૧)** ઇતિ વચનામૃતમ્ **॥૧૯॥ (૨૧૯)**

### (૩૦) વચનામૃત ગઢડા છેલ્લાનું - ૧૭

સંવત ૧૮૮૪ના શ્રાવણ સુદિ ६ છઠને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે પુષ્પનો હાર પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**૧** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧) શાસ્ત્રમાં જેવું ભરતજીનું આખ્યાન ચમત્કારી છે તેવી તો કોઈ કથા ચમત્કારી નથી, કેમ જે ભરતજી તો ઋષભદેવના પુત્ર હતા ને ભગવાનને અર્થે સમગ્ર પૃથ્વીનું રાજ્ય**



**ત્યાગ કરીને વનમાં ગયા હતા. અને ત્યાં ભગવાનનું ભજન કરતાં થકાં મૃગલીનાં બચ્ચાંને વિષે પોતાને હેત થયું ત્યારે તે મૃગને આકારે પોતાના મનની વૃત્તિ થઈ ગઈ, પછી એવા મોટા હતા, તો પણ તે પાપે કરીને મૃગનો અવતાર આવ્યો, માટે અનંત પ્રકારના પાપ છે, પણ તે સર્વે પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે હેત કરવું તે અતિ મોટું પાપ છે, માટે જે સમજુ હોય ને તે જો એ ભરતજીની વાત વિચારે તો અંતરમાં અતિશે બીક લાગે જે રખે ભગવાન વિના બીજે ઠેકાણે હેત થઈ જાય એવી રીતની અતિશે બીક લાગે. અને ભરતજી જ્યારે મૃગના દેહનો ત્યાગ કરીને બ્રાહ્મણને ઘેર અવતર્યા ત્યારે ભગવાન વિના બીજે ઠેકાણે હેત થઈ જાય તેની બીકે કરીને સંસારના વ્યવહારમાં ચિત્ત દીધું જ નહિ, ને જાણીને ગાંડાની પેઠે વર્ત્યા અને જે પ્રકારે ભગવાનમાં અખંડ વૃત્તિ રહે તેમ જ રહેતા હવા.** એટલી વાત કરીને શ્રીજીમહારાજ ઠાકોરજીની આરતી થઈ ત્યાં પધાર્યા. **(૧)** ઇતિ વચનામૃતમ્ **॥૧૭॥ (૨૫૧)**



### બાપાશ્રીની ટૂંકી વાતો

**(૧)** જેમ શ્રીજીમહારાજ અનાદિ છે ને સ્વતંત્ર છે તેમ જ મુક્ત પણ અનાદિ અને સ્વતંત્ર છે. અને જેટલું શ્રીજીમહારાજનું કર્યું થાય છે તેટલું જ તેમના મુક્તનું કર્યું પણ થાય છે.(૧/૧)

**(૨)** મહારાજ અને મુક્ત એ બે કારણ છે અને મંદિરો, આચાર્ય, સાધુ, બ્રહ્મચારી, સત્સંગી એ સર્વે કાર્ય છે.(૧/૪)

**(૩)** ભગવાનના ભક્તને ક્ષમા રાખવી. ક્ષમા જેવું કોઈ હથિયાર નથી. જે ક્ષમા રાખે તેનું પાપ ક્રોધ કરનારને જાય છે. ક્રોધ કરનારનું પુણ્ય ક્ષમાવાળાને જાય છે. માટે ભગવાનના ભક્તના દ્રોહથી બીતા રહેવું.(૧/૮)

**(૪)** મોટાની અનુવૃત્તિમાં રહીને થોડી સેવા કરે તો પણ રાજી થાય અને અનુવૃત્તિમાં ન રહે ને તે ઘણી સેવા કરે તો પણ રાજી થાય નહિ. જીવના સ્વભાવ મહારાજની અને મોટાની અનુવૃત્તિમાં રહેવા દે એવા નથી. પોતાનું

ધાર્યું મહારાજ પાસે અને મોટા પાસે કરાવે એવા અવળા છે.(૧/૧૨)

**(૫)** સ્વામિનારાયણ કહેવું તે પણ જેવા છે તેવા ઓળખીને કહેવાય તો ઠીક, અને સાધુને પણ ઓળખીને સાધુ કહેવાય તો ઠીક. સાધુને પણ ઓળખવા જોઈએ, પણ અઠે દ્વારકા કરીને બેસવું નહિ. મહાપ્રભુજીની મૂર્તિમાં રસબસ થયા હોય તેવા સાધુને ખોળી કાઢીને આપણે પણ મહાપ્રભુજીની મૂર્તિમાં રસબસ થઈ જવું; ત્યારે જ સુખ આવે.(૧/૧૫)

**(૬)** 'બાવો મોટા ને મઢી નાની' તે મઢીમાં બાવો શી રીતે સમાય ? તેમ જીવ નાના અને મહારાજનો મહિમા બહુ જ મોટો તે જીવને શી રીતે સમજાય ? માટે કોની આગળ કહીએ ! મનમાં સમજી રહીએ છીએ, પણ કોઈને જેમ છે તેમ કહેવાતું નથી.(૧/૧૯)

**(૭)** સર્વેને મોટા જાણવા પણ આપણને જેથી સુખ મળે તેમને વધારે મોટા જાણવા.(૧/૨૪)

**(૮)** અનાદિમુક્ત તો મૂર્તિમાં જ રહ્યા છે માટે



મહારાજ વિના એકલા આવ્યા છે એમ ન જાણવું. એમની દૃષ્ટિમાં માયા જ નથી. આ લોકમાં બીએ, ભાગે, હારે, જીતે એ તો આ લોકની રીતિ છે પણ તે તો મૂર્તિમાં જ છે. (૧/૩૦)

**(૯)** સો જણાનો અકેકો અવગુણ લે તો સો અવગુણ આવે અને અકેકો ગુણ લે તો સો ગુણ આવે માટે સર્વે સંત-હરિજનોના ગુણ લેવા. દેહસ્વભાવ જોઈને અવગુણ લેવા નહિ. પંચવર્તમાનમાં ફેર હોય તો અવગુણ લેવો. (૧/૩૮)

**(૧૦)** જીવને પરચા-ચમત્કારની વાતો સારી લાગે અને મૂર્તિની વાતો ભારે પડે છે પણ કરવાનું તો એ જ છે. જેમ ઘણાક પ્રકારના ઉદ્યમ કરીને રૂપિયા પામવા છે તે જો રૂપિયા મળે તો બીજા ઉદ્યમનું કામ નથી; તેમ અનંત સાધન કરીને અંતે મૂર્તિ પામવી છે, તે જો મૂર્તિ મળે તો સાધન શું કરવાં હતાં ?(૧/૭૯)

**(૧૧)** જો મહારાજની અને મોટાની વાતને પકડે તો કામ થઈ જાય, પણ જીવને બહુ પ્રકારના ડોડ. અધિકારના



ડોડ, મહંતાઈના ડોડ, વિદ્યાના ડોડ, આશ્રમના ડોડ, જગતમાં મોટા થવાના ડોડ. એ ડોડરૂપી દોષ જીવને જ્યાં સુધી હોય ત્યાં સુધી મહારાજનો અને મોટાનો મહિમા સમજાય નહિ.(૧/૮૭)

**(૧૨)** જેમ બાળક તુચ્છ પદાર્થ સારુ રોયા કરે છે, તેમ જીવ મહારાજનું સુખ મૂકીને સ્વાદ માનાદિક પંચવિષયમાં પ્રીતિ રાખે છે, તેથી મૂર્તિનું સુખ મળતું નથી.(૧/૮૯)

**(૧૩)** જેમ ચક્રવર્તી રાજાની રાણીને એ રાજા વિના બીજાને વરવાનો સંકલ્પ થાય નહિ, તેમ શ્રીજીમહારાજને મૂકીને બીજો સંકલ્પ કરવો નહિ. શ્રીજીમહારાજ સર્વેના આધાર છે અને સર્વેના કારણ છ(૧/૯૫)

**(૧૪)** ભગવાનના ભક્ત સાથે તો હારીને જ રાજી થાવું, તો તેની ભક્તિ આપણને મળે, ને જીતીને રાજી થઈએ તો આપણી ભક્તિ તેને જાય; પણ એ માર્ગ થોડાને હાથ આવે. કેટલાક તો સામો માણસ નમે તો રાજી થાય જે કેવો નમાવ્યો છે ! પણ લૂગડાં લઈ લીધાં તેની ખબર ન પડે. જે હાર્યો તે જ ખાટ્યો.(૧/૯૮)



**(૧૫)** બાળ અવસ્થામાંથી એકદમ વૃદ્ધ થઈ જાવું ને મૂર્તિમાં જોડાઈ જાવું, ને એક મૂર્તિ ને મુક્ત તે જીવન માનવું. જેમ માછલાંને જળ જીવન મનાણું છે તો મોટા મોટા મગર ને મોટા મોટા હાથી તણાઈ જાય પણ માછલું ઘણે ઊંચેથી ધારોડો પડતો હોય તેના સામું ચઢી જાય છે; તેમ મહારાજનું સુખ લેવામાં બળ આવે.(૧/૯૮)

**(૧૬)** અનેક પ્રકારના રોગ દેહમાં ભર્યા છે, તે પીડા કરે; એ તનના દુઃખ, લોક નિંદા કરે, ધૂળ નાખે, અપમાન કરે, એવાં દુઃખ દે તે જનનાં દુઃખ અને ધ્યાનમાં, ભજનમાં, માળા ને માનસીપૂજામાં સંકલ્પ-વિકલ્પ થાય તે મનનાં દુઃખ છે. એવાં ઘણાં દુઃખ છે તે મોટાપુરુષનો જોગ કરે ને એમના જેવો નિષ્કંચન થાય તો સર્વે દુઃખ ટળી જાય છે.(૧/૧૦૩)

**(૧૭)** જેમ ચંદ્ર વડે ચંદ્રનું દર્શન થાય અને સૂર્ય વડે સૂર્યનું દર્શન થાય પણ ચંદ્ર વડે સૂર્ય જોવાય નહિ, તેમ શ્રી પુરુષોત્તમ વડે જ શ્રી પુરુષોત્તમનું દર્શન થાય પણ મૂળઅક્ષરરૂપ થવાથી શ્રી પુરુષોત્તમનું દર્શન થાય નહિ. માટે તે અક્ષરરૂપ થવાથી શ્રી પુરુષોત્તમ પમાય નહિ; માટે

પોતાને પુરુષોત્તમરૂપ માનવું.(૧/૧૦૫)

**(૧૮)** મહારાજની મૂર્તિમાં જ સુખ છે, બીજે બધે તો રોગી (એકલી) વાની ઊડે છે.(૧/૧૧૭)

**(૧૯)** એક તો વિદ્યાએ કરીને મોટાઈ હોય ને એક તો વયે કરીને મોટાઈ હોય પણ મૂર્તિમાં જોડાય તે મોટપ ખરી.(૧/૧૫૦)

**(૨૦)** ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તો જીવ નાશ પામે. સાધુનો ને સત્સંગીનો દ્રોહ થાય તો ભગવાનનો પણ થાય; કેમ જે દ્રોહ કરવા માંડે તો ઠેકાણું ન રહે.(૧/૧૬૨)

**(૨૧)** સત્સંગમાં કોઈકને વિષે દેહસ્વભાવ દેખાય તો પણ એને ધન્ય છે, કેમ જે આવા જોગમાં રહીને ભગવાન ભજે છે એમ જાણવું, પણ અવગુણ લેવો નહિ.(૧/૧૬૪)

**(૨૨)** જો ધ્યાનનો આગ્રહ કરે તો છ મહિનામાં ઝળળળ તેજમાં મૂર્તિ દેખાય ને સાક્ષાત્કાર થઈ જાય અગર છ મહિનાની માંહે પણ મૂર્તિ સિદ્ધ થઈ જાય. આ દેહે શું ન થાય ? જે કરે તે થાય.(૧/૧૬૭)



**(૨૩)** મૂર્તિમાં જ રહેવું પણ બહાર નીકળવું નહિ. મૂર્તિમાં રહે તેને મારું નહિ, તારું નહિ, સાધુ નહિ, ગૃહસ્થ નહિ એને કાંઈ જોઈએ જ નહિ.(૧/૧૭૦)

**(૨૪)** આ લોક, ભોગ, પદાર્થ, દેહ, સર્વે નાશવંત છે, પણ જીવને તૃષ્ણા છે તે રહેવાય જ નહિ. પાંચ પાંચ પેઢી સુધી ખાય એટલું હોય પણ ભગવાન ભજે નહિ ને વ્યવહારને વળગી રહે.(૧/૨૦૩)

**(૨૫)** પોતાને દેહરૂપ માનીને સન્મુખ મૂર્તિ ધારે તે બહારદૃષ્ટિ કહેવાય અને વૃત્તિઓ પાછી વાળીને આત્માને વિષે મૂર્તિને ધારે તે અંતર્વૃત્તિ કહેવાય (એ અવરભાવનો અર્થ). અને પોતાને પુરુષોત્તમરૂપ માનીને સન્મુખ મૂર્તિ જુએ તે મૂર્તિથી બહાર રહીને કહેવાય, અને મૂર્તિની અંદર રહીને મૂર્તિને જુએ તે માંહી રહીને કહેવાય (એ પરભાવનો અર્થ).(૧/૨૩૪)

**(૨૬)** આ દેહનું સુખ ભેળું રાખવું અને મૂર્તિનું સુખ લેવું તે થાય નહિ. રસના આદિક મૂકે તો થાય, પણ ભગુડી ભેંસનું દૂધ સારું એમ રહે ત્યાં સુધી મૂર્તિ ક્યાં



મળે તેમ છે ? (૧/૨૫૦)

**(૨૭)** જ્યારે મોટાએ વર્તમાન ધરાવ્યા, ત્યારે તન, મન, ધન અનેક જન્મનાં કર્મ અર્પણ કરાવ્યાં. પછી એ ચૈતન્યને રહેવાનું ક્યાં રહ્યું ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજ એ ચૈતન્યને પોતાની મૂર્તિને વિષે રાખે છે.(૨/૨૮)

**(૨૮)** જ્યારે ધ્યાન કરવા બેસવું ત્યારે મોટાને સાથે લેવા એટલે મૂર્તિ ધારતાં કોઈ વિઘ્ન ન આવે તેવી સહાય માંગવી, કેમ કે તેમનું જરૂર કામ પડે છે. (૨/૩૨)

**(૨૯)** વ્યાવહારિક શબ્દ મરચાં-મીઠાંને ઠેકાણે વાપરવા અને ભગવાન સંબંધી શબ્દ તે તો પકવાનને ઠેકાણે જાણવા. (૨/૭૫)

**(૩૦)** આપણા ઉપર કોઈ દ્વેષ રાખતા હોય પણ તેને જો આપણા જેવું કામ પડે તો તેના કૃત્ય સામું જોવું નહિ. આપણાથી બને તેટલું તેનું સાચા દિલથી સારું કરવું. એવી ભગવાનના ભક્તની રીત છે.(૨/૭૮)



## કીર્તન

### (૧) પ્રાતઃથયું મનમોહન પ્યારા...

પ્રાતઃ થયું મનમોહન પ્યારા, પ્રીતમ રહ્યા શું પોઢીને;
વારંવાર કરું છું વિનંતી, જગજીવન કર જોડીને પ્રાતઃ૦ ટેક

ઘર ઘરથી હરિભક્તો આવ્યા, દર્શન કારણ દોડીને,
આંગણિયે ઊભી સહુ અબળા, મહી વલોવા છોડીને.પ્રાતઃ૦૧

બહુરૂપી દરવાજે બેઠા, ધર્મ નેજા ખોડીને,
મુખડું જોવા આતુર મનમાં, જોરે રાખ્યા ઓડીને..પ્રાતઃ૦૨

ભૈરવ રાગ ગુણીજન ગાવે, તાન મનોહર તોડીને,
બ્રહ્માનંદના નાથ વિહારી, ઊઠ્યા આળસ મોડીને પ્રાતઃ૦૩

### (૨) અધમ ઉદ્ધારણ અવિનાશી...

અધમ ઉદ્ધારણ અવિનાશી તારા, બિરુદની બલિહારી રે,
ગ્રહી બાંહ્ય છોડો નહિ ગિરધર, અવિચળ ટેક તમારી રે...અધમ૦ટેક

ભરી સભામાં ભૂદરજી તમે, થયા છો માડી મારી રે,
બેટાને હેતે બોલાવો, અવગુણિયા વિસારી રે...અધમ૦૧

જેવો તેવો પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે,
પેટપડ્યો તેને અવશ્ય પાળવો, વાલમ જુઓ વિચારી રે...અધમ૦૨

અનળ અહિ જો ગ્રહે અજાણે, તે છોડાવે રોવારી રે,
બાળકને જનની સમ બીજું, નહિ જગમાં હિતકારી રે...અધમ૦૩

બ્રહ્માનંદની એ જ વિનંતી, મન ધારીયે મોરારી રે,
પ્રીત સહિત દર્શ પરસાદી, જોયે સાંજ સવારી રે...અધમ૦૪

### (૩) જય દિવ્ય મૂર્તિ ઘનશ્યામ...

જય દિવ્ય મૂર્તિ ઘનશ્યામ, તમને અનંત પ્રણામ;
સ્વામિનારાયણ ભગવાન, તમને અનંત પ્રણામ;
અનંત પ્રણામ, તમને અનંત પ્રણામ...જય૦ટેક

અદ્વિતીય અનાદિ પરિબ્રહ્મ છો, સદાય સાકાર દિવ્ય સ્વરૂપ છો;
નિગમ નેતિ વદત...તમને અનંત૦૧
મૂર્તિમાં સુખ છે અપરંપારા, હદે રહિત દિવ્ય છૂટે ફુવારા;
ખુશ્બોના છોડનાર...તમને અનંત૦૨

નિત્ય નવીન ધોધ છૂટે છે સુખના, તરેહવાર દિવ્ય અમૃત રસના;
સુખ વૃષ્ટિ કરનાર...તમને અનંત૦૩



મૂર્તિથી ઝળકે તેજ ધારાઓ, અનંત બંબની છૂટે છટાઓ;
અનહદ સુખ દેનાર...તમને અનંત૦૪

ચોતરફ ઠસાઠસ ઠઠ મળે છે, સામ સામી તે શેડ્યો દોઢે વળે છે;
જય તેજ તણા અંબાર...તમને અનંત૦૫

કૃપા કરીને રાખ્યા મૂર્તિની અંદર, અનાદિમુક્તો રહે જ્યાં મુદભર;
સર્વેને સુખના દાતા...તમને અનંત૦૬

પુરુષ, કાળ, બ્રહ્મ, અક્ષર તેના, અનાદિમુક્ત છે કારણ સૌના;
તે કારણના પણ કારણ...તમને અનંત૦૭

દિવ્ય થકા માનુષ તનુ ધરીને, પ્રેમી જન પર કરુણા કરીને;
મનોરથો પૂરનાર...તમને અનંત૦૮

પ્રાકૃત દિવ્ય ચરિત્ર મનોહર, મુમુક્ષુને છે સદાય સુખકર;
દિવ્ય દિવ્ય કહી ગાવે...તમને અનંત૦૯

નવીન કિશોર સદા સુખધામ, દાસાનુદાસને પ્યારા ઘનશ્યામ;
ચરણ સ્પર્શી કરું હું...તમને અનંત૧૦

### (૪) તેજના સમૂહમાં...

તેજના સમૂહમાં, શ્રીજી દર્શન (૨) નવલાં દે છે રે,
કૃપાથી મુજને મૂર્તિમાં રાખી, મુક્ત અનાદિ કે' છે રે.તેજના૦ટેક



ફરરર તેજના છૂટે ફુવારા, મૂર્તિની ચારે કોરા,
રોમરોમમાં ઊડે ખુશબો, સુખની ફોરંફોરા રે.તેજના૦૧

અંગે અંબર મૂર્તિ જેવા, ઝળળળ ઝળળળ ઝળકે છે,
આભૂષણ છે દિવ્ય અનુપમ, કુંડળ પણ લળકે છે રે.તેજના૦૨

ભાલ વિશાળમાં તેજ ભભૂકે, જ્યોતિ કપોળે છાજે,
નયન ઇશારે મૂર્તિમાં ખેંચે, સુખિયા કરવા કાજે રે. તેજના૦૩

મીઠા મધુરા મુખના ભાવો, મરકલડે ઉપજાવે,
છાતી સંગે શ્યામ ભીડીને, પ્રેમે કંઠ લગાવે રે.તેજના૦૪

કોમળ કરનાં લટકાં કાજુ, કરતા પ્રૌઢ પ્રતાપી,
અમૃત વેણે બોલ્યા વ્હાલો, મૂર્તિ તમને આપી રે.તેજના૦૫

ધ્યાને મૂર્તિ જોતા જોતા, ખુશબો ખેંચી રહી,
દાસાનુદાસ કહે રસબસ બનતાં, સર્વે ઉપાધિ ગઈ રે.તેજના૦૬

### (૫) પુરુષોત્તમ રૂપ થઈ...

પુરુષોત્તમ રૂપ થઈ ધ્યાન કરવું, પ્રેમેથી પાયે લળી;
મસ્તક ભવ્ય વિશાળ ભાલ ઝળકે, કર્ણ ભ્રૂકુટિ ભલી,



ચંચળ છે સુખ દેણ નેણ નાસા, જ્યોતિ કપોળે ઝળે;
મુખડું ને મૂછ રેખ અધર જોઈ દાઢીથી દૃષ્ટિ ઠરે.૧

કંઠે તુલસી દામ વામ સ્કંધે, યજ્ઞોપવીત સાર છે;
છાતી મનહર શ્યામ સ્તન મધ્યે, વિનગુણ રૂડો હાર છે,
બાહુ દંડ પ્રચંડ શ્યામ કોણી, કાંડા કરે બળ છે;
આંગળિયું ને હથેળી બેઉ રાતી, રેખાઓ સુંદર છે.૨

જુઓ ઉદર અનુપ રૂપ આપે, નાભિ છે ઊંડી ઘણી;
પહેરી ધોતી શ્યામ શ્યામ કટિએ, ઉજ્જવળ સોહામણી;
સાથળ સાર રસાળ જોયા જેવા, વર્તુળ જાનુ ભલા,
જંઘા સરખી સુંવાળી પોચી પિંડી ઘૂંટીની દિવ્ય કલા.૩

પાની પોંચા આંગળી દશ જુઓ, રક્ત નખે ઓપતી;
સોળે ચિહ્ન સહિત ચરણ કમળની, જોડી ભલી શોભતી,
અંગો અંગ સળંગ નિરખું સ્વામી, બિરદ તવ ઉર ધરી;
ટાળી સર્વ રિપુ અને દેહભાવો, સુખમાં થિજાડો હરિ.૪

### (૬) રાચી રહોને...

રાચી રહોને હો પ્યારા બંધુ, શ્રીજી સ્વરૂપની માંય.૦ટેક
સ્વામિનારાયણ જીભે રટતા, જન્મ મરણ દુઃખ જાય,
નામીએ સહિત નામ જ જપતાં, મૂર્તિમાં લેલીન થાય..રાચી ૦૧

મૂર્તિને નિશદિન સમરતાં, પૂરણ પાત્ર થવાય,
પુરુષોત્તમરૂપ પાત્ર બને તો જ, મૂર્તિનું સુખ પમાય..રાચી૦૨

અનાદિ મુક્તો રહે મૂર્તિમાં, શ્રુતિ સ્મૃતિ એમ ગાય,
તરેહવારની સુખગંગામાં, નવલા નેહ ન્હાય..રાચી૦૩

મૂર્તિમાં સંલગ્ન છતાં છે, સ્વામી સેવકને ન્યાય,
સુખના દાતા સ્વામિનારાયણ, ભોક્તા મુક્ત સદાય..રાચી૦૪

મૂર્તિમાં રહી જો ધ્યાન કરે તો, મૂર્તિમાં રસબસ થાય,
સુખસાગરમાં ઝીલતા સૌને, નવીન સુખ ઊભરાય..રાચી૦૫

મૂર્તિમાં રાખવાનું બિરદ, શ્રીજીનું ખાસ જણાય,
દાસાનુદાસ વિનવે કર જોડી, થીજવા મૂર્તિમાંય..રાચી૦૬

**(૭) અમે રહેનારા રે મૂર્તિ ગામના...**

અમે રહેનારા રે મૂર્તિ ગામના,
કૃપા કરી હરિએ બનાવ્યા.રહેનારા રે, મૂર્તિ ગામના..૦ટેક
અજ્ઞાને કરી માયા ગામમાં રહ્યાં'તા,
જડ દુઃખ મિથ્યા દેહાદિકમાં ફસ્યા'તા;
શ્રીજી સત્ય જ્ઞાને બનાવ્યા..રહેનારા રે, મૂર્તિ૦૧
જ્ઞાન આપી કામાદિક શત્રુ હઠાવે,
મૂર્તિમાં રહેવાની લટક બતાવે;



ધ્યાન કરાવી બનાવ્યા...રહેનારા રે, મૂર્તિ૦૨
પ્યારા ઘનશ્યામની સુખમય મૂર્તિ,
લગની લગાડીને રાખો તેમાં સૂરતિ;
પાત્ર કરી હરિએ બનાવ્યા...રહેનારા રે, મૂર્તિ૦૩
સ્વામિનારાયણની મૂર્તિ એ જ ગામ છે,
અનાદિમુક્તોને પ્યારું એ ધામ છે;
અતિશય સ્નેહે બનાવ્યા...રહેનારા રે, મૂર્તિ૦૪
અમૂલખ અવસરના લીધા જેણે લ્હાવા,
મરજીવા થઈ જેણે શિર જૂકાવ્યાં;
દાસાનુદાસ કહે બનાવ્યા...રહેનારા રે, મૂર્તિ૦૫

**(૮) આવો મૂર્તિમાં રાખે...**

આવો મૂર્તિમાં રાખે ઘનશ્યામ, નૌતમ નાવલિયો;
શ્રીજી કૃપાળુ સુખનાં ધામ, નૌતમ નાવલિયો..૦ટેક
લાડ લડાવી મનોરથ પૂરા કરે,
વ્હાલો કરુણા કટાક્ષથી દુઃખ હરે;
પ્રેમ પ્રગટાવી કરે નિષ્કામ...નૌતમ૦૧
તમે હેતથી મૂર્તિની વાત સુણો;
એની કૃપાથી આવે છે દિવ્ય ગુણો;
કરી પોતારૂપ રાખે છે શ્યામ...નૌતમ૦૨



એની મૂર્તિમાં રાખવાની રીત નવી;
તેને જાણે તે સુખના અનુભવી;
સુખ ભોક્તા છે પૂરણકામ...નૌતમ૦૩
શ્રીજી મૂર્તિના સુખમાં અનાદિ રહ્યા;
રોમે રોમ માંહી તે તો રસબસ થયા;
અનાદિ મુક્તોને મૂર્તિ ધામ...નૌતમ૦૪
રસ પોતે ને બસ મુક્ત અનાદિ ખરા;
એમ રસબસનો અર્થ નહિ ફેર જરા;
એક મૂર્તિ જ ઠરવાનું ઠામ...નૌતમ૦૫
આવ્યો વિશ્વાસ તો થઈ શ્રીજી મહેર ગણો;
દિવ્યભાવથી ખરા રસબસિયા બણો;
પૂરે દાસાનુદાસની હામ...નૌતમ૦ ૬

**(૯) સાચું તો મળ્યું રે...**

સાચું તો મળ્યું રે દેવળ સાચું તો મળ્યું;
શ્રીજી તારી કૃપાએ દેવળ સાચું તો મળ્યું...૦ટેક

કોટિ કલ્પે ને કોટિ સાધને મળે નહિ;
વાતની વાતમાં હરિએ આપી રે દીધું...શ્રીજી૦૧

તેજોમય ને અમૃતધામ એ દેવળ;
સદાય છે એ તો નવું ને નવું...શ્રીજી૦૨



સુખ સુખ ને સુખ મૂર્તિ દેવળમાં;
અનુભવીઓને તો તે લાગે છે ગળ્યું...શ્રીજી૦૩

અખંડ સનાતન દેવળ મૂર્તિ છે શ્રીજી કેરી;
રોમે રોમમાં સુખ એમાં તો ભર્યું...શ્રીજી૦૪

અનાદિ મુક્તો રહે છે મૂર્તિ દેવળમાં;
રસબસપણે સુખ ભોક્તાપણું...શ્રીજી૦૫

દાસાનુદાસ કહે સાચું છે મૂર્તિ દેવળ;
હંસ રૂપી મુક્ત સંગે હું રે રહું...શ્રીજી૦૬

**(૧૦) જમો થાળ જીવન જાઉં વારી...**

જમો થાળ જીવન જાઉં વારી,
ધોઉં કર ચરણ કરો ત્યારી...જમો૦ટેક

બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી,
જળે ભર્યા ચંબુ ચોખાળી...જમો૦૧

કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી,
કાઢ્યો રસ કેરીનો ઘોળી...જમો૦૨

ગળ્યાં સાટાં ઘેબર ફૂલવડી, દૂધપાક માલપૂવા કઢી,
પૂરી પોચી થઈ છે ઘીમાં ચડી...જમો૦૩

અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી,
દહીં ભાત સાકર છે ઝાઝી...જમો૦૪

ચળું કરો લાવી હું જળઝારી, એલચી લવિંગ સોપારી,
પાનબીડી બનાવી સારી...જમો૦૫

મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને
ભૂમાનંદ કહે રાજી થઈને...જમો૦૬

**(૧૧) રૂડી રાંધી મેં રસિયાજી...**

રૂડી રાંધી મેં રસિયાજી, ખાંતે ખીચડી રે રૂડી ૦ટેક

ચોખા દાળ જતન કરી જોઈ, નિર્મળ નીરે ધીરે ધોઈ,
મધુરે મધુરે તાપે, માખણ શી ચડી રે...રૂડી૦ ૧

ઘી ઘણુંય જમો અલબેલા, અથાણાં પાપડ રંગછેલા,
ચોંપે શું ચોળાની કાજુ કરી વડી રે...રૂડી૦ ૨

દૂધ કઢીને દહીં જમાવી, લલિત લવિંગે શું છમકાવી,
ભૂધરને જમવાને કાજે, કરી કઢી રે...રૂડી૦ ૩

દયાનંદ કહે દિલમાં ધારી, પ્રસાદી આપો હિતકારી,
મોહનવરને હાથે મુજને, મોજ મળી રે...રૂડી૦ ૪



**(૧૨) સંત સમાગમ કીજે...**

સંત સમાગમ કીજે હો નિશદિન સંત સમાગમ કીજે...૦ટેક
માન તજી સંતનકે મુખસે,
પ્રેમ સુધારસ પીજે..હો નિશદિન૦૧
અંતર કપટ મેટકે અપના,
લે ઉનકું મન દીજે..હો નિશદિન૦૨
ભવદુઃખ ટળે બળે સબ દુષ્કીત,
સબ વિધિ કારજ સીજે..હો નિશદિન૦૩
બ્રહ્માનંદ કહે સંતકી સોબત,
જન્મ સુફળ કરી લીજે..હો નિશદિન૦૪

**(૧૩) સંત પરમ હિતકારી...**

સંત પરમ હિતકારી જગતમાંહી સંત પરમ હિતકારી.૦ટેક
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ,
ભરમ મિટાવત ભારી...જગત૦૧
પરમકૃપાળુ સકળ જીવન પર,
હરિ સમ સબ દુઃખહારી...જગત૦૨
ત્રિગુણાતીત ફીરત તનુ ત્યાગી,
રીત જગતસે ન્યારી...જગત૦૩



બ્રહ્માનંદ કહે સંતકી સોબત,
મિલત હે પ્રગટ મોરારી...જગત૦૪

**(૧૪) જય મંગળકારી પ્રભુ...**

જય મંગળકારી પ્રભુ (૨) જય ઘનશ્યામ દયાળુ (૨)
જય જય સુખકારી જય૦ ટેક

મંગળરૂપ અનુપમ નખશિખ મંગળ છે (૨)
સુખડાં દેવા મંગળ(૨) મૂર્તિ મંગળ છે..જય૦૧

મંગળ મુખકમળ જોઈ સુખમાં થીજું છું (૨)
નાસા નયન ભ્રકુટિ(૨) ભાલે રીઝું છું..જય૦૨

મંગળ હૃદય કમળ પર સ્તન મંગળ શોભે(૨)
છાતી ઊપડતી કંઠે(૨) મુનિજન સૌ લોભે..જય૦૩

મંગળ હસ્ત કમળમાં રેખાઓ ન્યારી(૨)
કાંડા કોણી બાહુ(૨) બળ ભર્યું ભારી..જય૦૪

મંગળ નાભિ કમળ પર ત્રિવળી મંગળ છે(૨)
શ્યામ કટિ પર ધોતી(૨) ઉદર મંગળ છે..જય૦૫

મંગળ ચરણ કમળમાં ચિહ્ન ભલાં સોળ(૨)
ઘૂંટી ફણા ને જંઘા(૨) જાનુ છે ગોળ..જય૦૬



મંગળમય મૂર્તિનું જે દર્શન કરશે(૨)
દાસાનુદાસ કહે રસબસ(૨) થઈ સુખમાં ઠરશે..જય૦૭
આપના તે આભમાં...

**(૧૫) આપના તે આભમાં હું નાનું પારેવડું,**

આપના ઈશારે ઊડી જાવું;
આપનાં વચન મારા જીવનનો રાહ છે,
આપની રુચિમાં જીવી જાવું૦ટેક

આપની ઈચ્છામાં આયખું ઓગાળવું,
આપ ચાહો એમ મારે રહેવું,
દાસ તણો દાસ થઈ આપમાં હોમાઈ જવું,
દિવ્ય જીવન આપમાંથી લેવું..રે,
મારે આપના ..૧
વેણુ બનવું છે મારે આપના અધરતણી,
આપના જ સૂર હું રેલાવું,
મૂર્તિમાં રસબસ રાખો મારા સ્વામી,
મહિમા વિચારે ડૂબી જાઉં..રે,
મારે આપના..૨
દીન બાળક હું આપનો ગુલામ બની,
રાજીપો આપનો કમાઉં,

મારગ પણ આપ મારી મંઝિલ પણ આપ છો,
મારે આપ વડે આપમાં સમાવું ..રે,

**(૧૬) જય ઘનશ્યામ જય જય કરનારા...**

જય ઘનશ્યામ જય જય કરનારા;
કરીએ નમન પુરુષોત્તમ પ્યારા...જય૦ટેક
પૂરણબ્રહ્મ હરિ આપ સુખરાશિ, પ્રગટ થયા બ્રહ્મધામના વાસી;
આપ સકળ અવતારથી ન્યારા...જય૦૧
નિત્ય નવા શણગાર સજો છો, ભક્તોના ભાવે રૂડા થાળ જમો છો;
પરચા પ્રગટ દઈ કોડ પૂરનારા...જય૦૨
આશીર્વાદથી દુઃખડાં કાપો, અભય વર દઈ મૂરતિ આપો;
કોમળ કર જન શિર ધરનારા...જય૦૩
દિવ્ય જીવનની જ્યોત જગાવો, આપ કર્તા થઈ કાર્ય દિપાવો;
મંગલમય સુખ નિત્ય દેનારા...જય૦૪
પહેલી ને છેલ્લી એ જ અરજ છે, મૂર્તિના સુખની એક ગરજ છે;
જાણી બિરદ તવ પૂરી પાડનારા...જય૦૫
દાસાનુદાસ વદે પ્રણામ કરીને, પુષ્પાંજલિ તવ ચરણ ધરીને;
સુખ આપો જાણી સેવક તમારા...જય૦૬

**(૧૭) તારી ઈચ્છા વિના...**

તારી ઈચ્છા વિના તો કાંઈ થાય નહિ,
વિના મરજીથી તૃણ તોડાય નહિ;



તમે કર્તા બનો રે ઘનશ્યામજી,
તો જ થાયે મારી પૂરી હામ જી...તમે ૦ટેક
છેલ છોગાળા ભેળા ભળો તો, શુભ સંકલ્પ પૂરણ થાશે;
દીનબંધુ તમે દયા કરો તો, કામ તુરત સુફળ થાશે;
શ્રીજી તારી કૃપા પર વાત છે,
મુને મળ્યા પ્રભુ સાક્ષાત્ છે..તમે૦૧
ઓ મારા સ્વામી વિનવું વારંવાર, આપ સંકલ્પે સહાય કરજો;
દાસાનુદાસના પ્યારા ઘનશ્યામજી, દાસ ગણી બેડો પાર કરજો;
ભલે સભાને એ સમજાઈ જાય,
અહંભાવે તો કાંઈ ન કામ થાય ..તમે૦૨

**(૧૮) ન સમજું શ્રીજી શી રીતે...**

ન સમજું શ્રીજી શી રીતે, ચરણ સેવા બજાવું હું;
ન એવી કોઈ વસ્તુ જે, શ્રીજી તમને રિઝાવું હું.....૦ટેક
અનંતાનંત બ્રહ્માંડે તમે એક પૂર્ણ વ્યાપક બ્રહ્મ;
માયાના જીવ જાણે નહિ, અનુભવી જાણે છે એ મર્મ..ન સમજું૦૧
આત્યંતિક મોક્ષના દાતા, મૂર્તિનું સુખ દેનારા;
રોમે રોમ રસબસ રાખીને, કૃતારથ અમને કરનારા..ન સમજું૦૨



તમે છો અક્ષરોથી પર, અનાદિમુક્તના સ્વામી;
કૃપાને કાજ વિનવે છે, દાસાનુદાસ કરભામી..ન સમજું૦૩

**(૧૯) મહાબળવંત માયા તમારી...**

મહાબળવંત માયા તમારી, જેણે આવરિયા નરનારી;
એવું વરદાન દીજિયે આપે, એહ માયા અમને ન વ્યાપે...૧
વળી તમારે વિષે જીવન, ના'વે મનુષ્યબુદ્ધિ કોઈ દન;
જે જે લીલા કરો તમે લાલ, તેને સમજું અલૌકિક ખ્યાલ...૨
સતસંગી જે તમારા કહાવે, તેનો કે'દિ અભાવ ન આવે;
દેશ કાળ ને ક્રિયાએ કરી, કે'દિ તમને ન ભૂલિયે હરિ...૩
કામ ક્રોભ ને લોભ કુમતિ, મોહ વ્યાપીને ન ફરે મતિ;
તમને ભજતાં આડું જે પડે, માગિયે અમને નવ નડે...૪
એટલું માગિયે છૈયે અમે, દેજ્યો દયા કરી હરિ તમે;
વળી ન માગિયે અમે જેહ, તમે સુણી લેજ્યો હરિ તેહ...૫
કે'દિ દેશો મા દેહાભિમાન, જેણે કરી વિસરું ભગવાન;
કે'દિ કુસંગનો સંગ મા દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો...૬
કે'દિ દેશો મા સંસારી સુખ, દેશો મા પ્રભુ વાસ વિમુખ;
દેશો મા પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈર્ષ્યા કાંઈ...૭



દેશો મા દેહસુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ;
દેશો મા હરિજનનો અભાવ, દેશો મા અહંકારી સ્વભાવ...૮
દેશો મા સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય;
એ આદિ નથી માગતા અમે, દેશો મા દયા કરીને તમે...૯
પછી બોલિયા શ્યામ સુંદર, જાઓ આપ્યો તમને એ વર;
મારી માયામાં નહિ મૂંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ...૧૦
મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમજશો સદા અદોષ;
એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરી માની વાત...૧૧
દીધા દાસને ફગવા એવા, બીજું કોણ સમર્થ એવું દેવા.

**(૨૦) હરતા-ફરતા કરતા કામ...**

હરતા-ફરતા કરતા કામ, તમને ન ભૂલીએ ભગવાન,
એવું બળ દો શ્રીજી આજ, માગીએ અમે જોડી હાથ...૦ટેક
દાસ તમારા છીએ અમે, ગાંડા ઘેલા આ સમે,
માત પિતા ને સગા તમે, સદા તમારું સુખ ગમે...હરતા૦
દોષ માત્રને ટાળી દઈ, પ્રેમ દિયો તમે રાજી થઈ,
તવ દૃષ્ટિ અમૃત ભરી, અહો દયાળુ દયા કરી...હરતા૦
તમે અમારા, અમે તમારા, જીવનપ્રાણ છો પ્રાણથી પ્યારા,
અવગુણ ગુન્હા વિસારીને, અહોનિશ રાખો સંભારીને..હરતા૦

પ્રીતમ તમને શું કહીએ, જેવા તેવા બાળ છઈએ,
માગીએ ભેળા મળીને આજ, રાખો ભેળા મુક્ત સમાજ..હરતા૦

## (૨૧) મેરે તો એક તુમ હી આધારા...

મેરે તો એક તુમ હી આધારા,
નાવ કે કાગકી ગતિ ભઈ મેરી;
જહાં દેખું તહાં જલનિધિ ખારા...૧
રસિક શિરોમણિ તુમ બીન મોકુ;
લગત હે જગસુખ જરત અંગારા...૨
તુમ મોકુ મિલિયો તો આનંદ અતિશે;
બિસરત સબ દુઃખ વારંવારા...૩
મુક્તાનંદ કહે અંતરજામી;
કહાં સમજાવું મેરે પ્રીતમ પ્યારા...૪

## (૨૨) શ્રીજી છો કૃપાળુ...

શ્રીજી છો કૃપાળુ, બાપા છો દયાળુ,
કૃપા કરી આપ્યું શરણું તમારું,
તમે છો નિયંતા, કર્તા હર્તા,
છો પરમાત્મા બુદ્ધિ દાતા..શ્રીજી છો૦૧
માત પિતા તમે જીવનદાતા,
સગાં સંબંધી સ્નેહી ભ્રાતા..શ્રીજી છો૦૨



અમે તમારા, તમે અમારા,
દીન બાળકોને પ્રાણથી પ્યારા.શ્રીજી છો૦૩

## (૨૩) શ્રીજી મૂર્તિના સુખમાં...

શ્રીજી મૂર્તિના સુખમાં ઝિલાવશો.....૦ટેક

ઘનશ્યામ છબીલા શ્યામ મૂર્તિ તમારી, મોટી મિરાંત જીવનદોરી હમારી;
રોમરોમ રસબસ બનાવશો......શ્રીજી૦૧

મૂર્તિનું બળ વ્હાલા મુખ્ય રખાવજો; અહંતા ને મમતા દૂર તજાવજો;
સંકલ્પો સર્વે સમાવશો......શ્રીજી૦૨

મૂર્તિનું ધ્યાન હરિ હેતે ધરીશું; સાંસાગોટિલાં કરી રાજી કરીશું;
ધ્યાનમાંહી દૃઢતા કરાવશો......શ્રીજી૦૩

કૃપાળુ કૃપા તમારી માગું છું; લટકાળા લળી લળી પાય લાગું છું;
મૂર્તિમાં પ્રેમ પ્રગટાવશો......શ્રીજી૦૪

મૂર્તિના સુખ નવા નિત્ય અપાર છે, મુક્ત અનાદિ તે ઉત્તમ લેનાર છે;
તે સંગે અમને મિલાવશો......શ્રીજી૦૫

દાસાનુદાસની અરજ સુણીને, સુખ આપો શ્રીજી તમારો ગણીને;
અમૃતરસ પિવરાવશો......શ્રીજી૦૬



## (૨૪) હો પ્રાણપ્યારા શ્રીજી...

હો પ્રાણપ્યારા શ્રીજી, આ સંકલ્પમાં બળ આપજો..ટેક.
લાવ્યા છો તવ સંકલ્પે તો, સંકલ્પમાં જ સમાવજો,
સમય, શક્તિ, બુદ્ધિ, આવડત, તવ અર્થે વપરાવજો;
તવ અર્થે વપરાવજો, બસ દિવ્ય જીવન કરાવજો.
હો પ્રાણપ્યારા શ્રીજી...(૧)

દીકરા-દીકરી ઘરના સભ્યો, અનાદિમુક્ત મનાવજો,
મારા છે એ ભાવ ભૂલીને, તવ અર્થે જીવાડજો;
નોકરી ધંધા દ્રવ્યાદિક સૌ, ટ્રષ્ટીપદે ભોગવાવજો,
ટ્રષ્ટીપદે ભોગવાવજો, સમયે સ્હેજે છોડાવજો.
હો પ્રાણપ્યારા શ્રીજી...(૨)

આપને અર્થે જનમ અમારો, સમજણ દ્રઢ કરાવજો,
દેહ નહિ હું મુક્ત અનાદિ, અખંડ મનન રખાવજો;
રસબસ કરીને મૂર્તિમાં રાખ્યા,'મહારાજ' જ ઠસાવજો,
'મહારાજ' જ ઠસાવજો, બસ તવ સુખમાં ડૂબાડજો.
હો પ્રાણપ્યારા શ્રીજી...(૩)



## (૨૫) હો શ્રીજી તમારું પ્રગટપણું...

હો શ્રીજી તમારું પ્રગટપણું, અંતર્યામીપણું અખંડ રહો;
હો શ્રીજી સદાય તમે રાજી રહો એવું દિવ્યજીવન મારે જીવવું છે

મારી સર્વે ક્રિયાને તમે જુઓ છો, સર્વે સંકલ્પોને તમે જાણો છો;
દિવ્ય દૃષ્ટિરૂપી તવ કેમેરો સદાય અમ પર ધારો છો,
આજ્ઞા વિરુધ્ધ કશું થાય નહીં, એવું પ્રગટપણું રખાવજો,
હો શ્રીજી તમારું..૦૧

રહેતા હોઈએ તમારી પાસે, અને જેવી મર્યાદા રહે;
જઈએ દૂર કે રહીએ એકાંતે, તો પણ તેવી મર્યાદા રહે,
સદાય રાજી કરી શકીએ એવું જાણપણું રખાવજો,
હો શ્રીજી તમારું..૦૨

જેટલું અમને પ્રગટપણું, અંતર્યામીપણું દૃઢ હશે;
તેટલો જય અમારો થશે, નહિ તો સદા પરાજય થશે,
એવા અંતરના શત્રુઓથી સદા જય અમારો કરાવજો,
હો શ્રીજી તમારું..૦૩

**(૨૬) મીઠી મધુરી ભલી...**

મીઠી મધુરી ભલી મૂર્તિ તારી મૂર્તિ;
દીધી દયાળુ ઘનશ્યામ રે, સુખથી ભરેલી ભલી મૂર્તિ....૦ટેક
હરતાં ને ફરતાં દેખું તારી મૂર્તિ;
સર્વે ક્રિયામાં સુખધામ રે..સુખથી૦૧
રસબસ ભાવે સુખ ઝીલવાને મૂર્તિ;
મુક્તોને ઠરવાનું ઠામ રે..સુખથી૦૨
સર્વે સુખોનું ખરું મૂળ છે રે મૂર્તિ;
પામે છે સુખ તમામ રે..સુખથી૦૩
અનહદ સુખોની ખાણ છે રે દિવ્ય મૂર્તિ;
પામીને થાઓ નિષ્કામ રે..સુખથી૦૪
કાલાવાલા કરી રિઝાવા મૂર્તિ;
વદે દાસાનુદાસ કર ભામ રે..સુખથી૦૫

**(૨૭) આવ્યા આવ્યા આવ્યા હરિજી...**

આવ્યા આવ્યા આવ્યા હરિજી, મારે મંદિરિયે આવ્યા રે;
હરિભક્ત-સંત સંગ લાવ્યા, હરિજી મારે૦ટેક



માણકી પર વ્હાલે કીધી સવારી,
પાર્ષદો ચાલે છત્ર છડી ધારી;
ઢોળે ચમર બ્રહ્મચારી હરિજી મારે૦૧
સોનેરી પાઘ શિર શોભે છે સારી,
રૂડી બાંધી છે ત્રણ છોગલાંવાળી;
જુઓ એ કલ્યાણકારી હરિજી મારે૦૨
મુખ મુદ્રાએ મંદ હાસ્ય ભરી છે,
ભક્તો પર જેની દૃષ્ટિ ઠરી છે;
આવ્યા એ જ અવતારી હરિજી મારે૦૩
હૈડે હાર જેને શોભી રહ્યા છે,
માણકી લગામ કર ધારી રહ્યા છે;
સુંદર કર છડી ધારી હરિજી મારે૦૪
ઘનશ્યામપ્રભુઆજવચને પળ્યા છે,
દીનબંધુ આજ અઢળક ઢળ્યા છે;
દર્શન લ્હાવ લ્યો ભારી હરિજી મારે૦૫
શ્રીજીએ આજ કીધી મહેરબાની,
તન મન ધનની કરો કુરબાની;
દાસાનુદાસ કેરા હિતકારી હરિજી મારે૦૬



**(૨૮) ઘેર ઘેર ફરી ઘનશ્યામ...**

ઘેર ઘેર ફરી ઘનશ્યામ, અભય વર દે રે ખોળી,
ખરા સહજાનંદ ભગવાન, તેની જરૂર કરી લ્યો ઓળખાણ;
અભયવર દે રે ખોળી...ટેક

કોટિ દેવ ને અવતાર મહાન તે, હરિ દર્શન ઇચ્છનારા
શ્રી ઘનશ્યામજી આવ્યા છે જો રે, ક્ષર અક્ષરથી ન્યારા રે;
ક્ષર અક્ષરથી ન્યારા,
તું થઈ જા ગરજવાન, કરી લે નિશ્ચય પ્રગટ પ્રમાણ..અભય૦૧
આજે તારું તું સર્વસ્વ દઈ દે, તન મન ધન આ વેરા;
હાથ ગ્રહી હરિ ટાળી દેશે, જનમ મરણના ફેરા રે;
જનમ મરણના ફેરા,
હવે તું દેહરૂપ ના માન, તારું સાચું સ્વરૂપ પિછાન..અભય૦૨
સ્વામિનારાયણ કારણ સર્વના, સદા પ્રગટ અવતારી;
નિજ રૂપ કરી મૂર્તિમાં રાખે, સહજાનંદ સુખકારી રે;
સહજાનંદ સુખકારી,
દે છે મૂર્તિનું સુખ મહાન, રસબસ ભાવે બનો ગુલતાન..અભય૦૩
અનાદિ સંગે રાખી તુજને, આનંદ રસ વરસાવે;



એવા કૃપાળુ હરિના ગુણલા, દાસાનુદાસ નિત્ય ગાવે રે;
દાસાનુદાસ નિત્ય ગાવે,
તું મૂર્તિનું રાખી ધ્યાન, અભયવર લે રે થઈ સાવધાન અભય૦૪

**(૨૯) સર્વોપરી ને સદા પ્રગટ છે...**

સર્વોપરી ને સદા પ્રગટ છે, સહજાનંદ ભગવાન,
જીવનું ફદલ કરે કલ્યાણ (૨)......૦ટેક
કરી કરી જીવો શું કરશે, કર જોડી ચરણે શિર ધરશે;
દીન થઈને કહે છે પ્રભુજી, દાસ મુને તું જાણ.
જીવનું....૧
જીવોના ગુન્હા નવ જુએ, મહેર કરીને કિલ્મિષ ધુએ,
ચોખ્ખો કરીને કહે છે પ્રભુજી, તું પાત્ર થયો પરમાણ.
જીવનું....૨
હસ્ત ગ્રહી વર્તમાન ધરાવે, ટાળી દેહો ગ્રંથિ ગળાવે;
શરણે લઈને કહે છે પ્રભુજી, હું તારો ભગવાન.
જીવનું....૩
ઉપાસના ચોખ્ખી સમજાવે, પતિવ્રતા પેર ભક્તિ કરાવે;
મૂર્તિમાં રાખી કહે છે પ્રભુજી, તું મુક્ત અનાદિ નિદાન.
જીવનું....૪

અનાદિ મુક્તો મૂર્તિમાં રે’ છે, રસબસ ભાવે સુખડાં લે છે;
તું પણ ભેળો કહે છે પ્રભુજી, સુખભોક્તા છે મહાન.
જીવનું....૫

બિરદ જાણી રક્ષા કરજો, સર્વે ક્રિયામાં ભેળા ભળજો,
દાસાનુદાસ એમ કહે છે પ્રભુજી, તમે છો જીવનપ્રાણ.
જીવનું....૬

### (૩૦) આજ સખી આનંદની હેલી...

આજ સખી આનંદની હેલી, હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી;
મહા રે મુનિના ધ્યાનમાં ના’વે, તે રે શામળિયોજી મુજને બોલાવે;
જે સુખને ભવ બ્રહ્માદિક ઈચ્છે, તે રે શામળિયોજી મુજને રે પ્રીછે;
ન ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘેર બેઠાં મળ્યા ધામના વાસી;
તપ રે તીર્થમાં હું કાંઈ નવ જાણું, સ્હેજે સ્હેજે રે હું તો સુખડાં રે માણું;
જેરામ કહે સ્વામી સહેજે રે મળિયા, વાતની વાતે વાલો અઢળક ઢળિયા.

### (૩૧) સ્વામિનારાયણ નામ વ્હાલું લાગે...

સ્વામિનારાયણ નામ વ્હાલું લાગે સ્વામિનારાયણ નામ;
સ્વામિનારાયણ, સ્વામિનારાયણ,
સ્વામિનારાયણ નામ...વ્હાલું૦ટેક
રાત દિવસ મારા હૃદિયા ભીતર,
જપીશ આઠું જામ...વ્હાલું૦૧



ભવજળ તરવા પાર ઊતરવા,
ઠરવાનું છે મારે ઠામ...વ્હાલું૦૨
સર્વોપરીસનાતન છે સ્વામિનારાયણ નામ,
સુંદર સુખડાનું ધામ...વ્હાલું૦૩
નિષ્કુળાનંદના નાથને ભજતાં,
વારે તેનું નહીં કામ...વ્હાલું૦૪

### (૩૨) દે દી હરિકી મૂર્તિ

દે દી હરિકી મૂર્તિ બિના સાધન બિના જ્ઞાન,
વૃષપુર નિવાસી સંત બાપાશ્રી બડા મહાન;
કયા હમેરા ભાગ્ય બાપા હુઈ તેરી પિછાન...વૃષપુર...૦ટેક
જય જય બાપાશ્રી જય જય બાપાશ્રી(૨)

જો ન પ્રગટત બાપા ઈસ સમયમેં,
સમજના મુશ્કિલ થા રસબસકી રીતનમેં;
મિટા દિયા અબ ફિરના સંસાર ચક્કરમેં,
જો શરન આયે સબ કો રખ લીયે સુખનમેં;
આશ્રિત જનકો દેત બાપા આજ અભયદાન..વૃષપુર....૦૧
જય જય બાપાશ્રી જય જય બાપાશ્રી(૨)

સત્સંગમેં સત્સંગ અજબ કારણ દિખાઈ,



શ્રીજી અનાદિમુક્તકી અચ્છી બાત સુનાઈ;
રસબસ હો સુખ મૂર્તિકો લે વો બડી નવાઈ,
વાણાતાણાકી પેર કરામત દિખાઈ;
સંકલ્પસે ઉડા દિયા દેહાદિકકા તુફાન...વૃષપુર...૦૨
જય જય બાપાશ્રી જય જય બાપાશ્રી(૨)

ઘનશ્યામ હરિકા સિદ્ધાંત ઉચ્ચતમ થા,
વો જન કો સુનાકર અમલ મેં રખાતા થા;
ધ્યાનકી બાતોં મેં બડા જહેમત ઉઠાયા થા;
આશિષ કૃપાસે તેરી જન પાત્ર હોતા થા;
દાસ કે દાસ તેરા ગાતે હૈ ગુણગાન...વૃષપુર૦૩
જય જય બાપાશ્રી જય જય બાપાશ્રી(૨)

### (૩૩) શ્રીજી પ્રગટ મળ્યા, બાપા પ્રગટ...

શ્રીજી પ્રગટ મળ્યા બાપા પ્રગટ મળ્યા, પ્યારા સ્વામી;
જય બોલો આનંદને પામી,
સર્વોપરી સૌના અવતારી, સ્વામિનારાયણ સુખકારી;
કોઈથી જાય નહિ કળ્યા, એવા ઘનશ્યામ મળ્યા...પ્યારા૦૧

પાપ પુણ્ય સર્વેનાં તો બાળ્યાં, કર્મ અનેક જન્મનાં ટાળ્યાં;
ખાતાં વળી ગયાં, કરી પૂરી દયા...પ્યારા૦૨



મારો હાથ ઝાલ્યો, હરિવરે અભય કર મૂક્યો મમ શિરે;
મુને એનો કર્યો, એ તો મારા થયા...પ્યારા૦૩

નવી લીલાઓ કરી સુખ દીધાં, પ્રેમી જનોના કોડ પૂરા કીધા;
જન્મ સુફળ કર્યા, પૂરણ કામ કર્યાં...પ્યારા૦૪

વ્હાલે કોલ મૂર્તિના દીધા છે, રસબસ કરી રાખી લીધા છે;
કશી રહી નહિ ખામી, હું તો મહાપદ પામી...પ્યારા૦૫

નથી દેશ પરદેશ તે કાંઈ, સદા ભેળા મૂર્તિ સુખ માંહી,
ક્યારેય વિયોગ નથી, શ્રીજી કહે છે કથી...પ્યારા૦૬

જુઓ શ્રીજીની કેવી દયા છે, સદા પ્રત્યક્ષપણે રહ્યા છે;
પ્રગટ પરચા આપે, દુઃખ જનનાં કાપે...પ્યારા૦૭

વ્હાલા તમને રીઝવવાને ખાસ, નિત્ય વિનવે છે દાસાનુદાસ;
સદા ભેળા રહેજો, નિત્ય દર્શન દેજો...પ્યારા૦૮

### (૩૪) બાપા પધાર્યા હરખ વધાર્યા...

બાપા પધાર્યા હરખ વધાર્યા, આવી અમારા જનમ સુધાર્યા.

કચ્છ દેશની પવિત્ર ભૂમિ, પાવન કણબી કુળમાં;
ખેડૂત કેરો વેષ ધરીને, મોતી પકવ્યાં ધુડ્યમાં...બાપા૦

એવાં ઉત્તમ મોતી પાક્યાં, પરમહંસનો ચારો;
સુખ તલસતા જીવને આવ્યો, મૂર્તિ સુખનો વારો...બાપા૦
સુખિયું થાવા સૂઝયું જેણે, જોયું આંખ ઉઘાડી;
શ્રીજી ને બાપાશ્રી મળિયા, દિવ્ય સુખ રહ્યા જમાડી...બાપા૦
સાધનવાળા સિદ્ધ બદ્ધ પર, કૃપા વાપરી પૂરી;
દીન દાસ પર કૃપા થતા, ન રહી આશ અધૂરી...બાપા૦

**(૩૫) અમે તો બાપાનાં સંતાન...**

અમે તો બાપાનાં સંતાન, અમારા બાપા જીવનપ્રાણ.૦ટેક
બાપાને શિર પાઘ સોહાવે, શોભે અંગરખીની ચાળ;
ગુલાબના હાર ગજરા બાજુ, ધારણ એ કરનાર.અમે તો૦૧
પ્રેમીજનોને લાડ લડાવી, આપ્યાં સુખ અપાર;
ટાણે ટાણે દુઃખડાં કાપવા, સદાય છે તૈયાર.અમે તો૦૨
બાપાશ્રી છે રક્ષક જેના, દ્રોહી શું કરનાર;
બાપાશ્રીના કર છે શિર પર, ભાગ્ય તેના અપાર.અમે તો૦૩
બાપાશ્રીની વાણી તે છે, મૂર્તિ સુખ દેનાર;
જ્યારે વાતો વંચાય ત્યારે, બાપા બોલનહાર.અમે તો૦૪
બાપાશ્રી આજ પ્રગટ મળ્યા તો, કોની હવે ઓશિયાળ;
દાસાનુદાસ કહે મસ્ત બનો ભાઈ, બાપા છે રખવાળ.અમે તો૦૫



**(૩૬) આજ મારે ઓરડે... પદ-૧**

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાવાળો છેલ...૧
નિરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નિરખી લાજે કોટિક કામ...૨
ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર,
લઈને વારણા રે, ચરણે લાગી વારંવાર...૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળિયો કરી પ્યાર,
પૂછ્યા પ્રીત શું રે, બાઈ મેં સર્વે સમાચાર...૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજિયા છે શણગાર ...૫
પહેરી પ્રીત શું રે, સુરંગી સૂથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ...૬
ઉપર ઓઢિયો રે, ગૂઢો રેંટો જોયા લાગ;
સજની આ સમે રે, ધન્ય ધન્ય નીરખ્યાં તેનાં ભાગ્ય...૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય;
કોટિક રવિ શશી રે, તે તો ના'વે તેને તુલ્ય...૮



રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, આ છબી નિરખી થયો નિહાલ...૯
મારે આપના..૩

**(૩૭) ઘેરે ચાલી આવિયા...**

ઘેરે ચાલી આવિયા બ્રહ્મમહોલવાસી રે,
જેને કહે છે અક્ષરાતીત અવિનાશી રે..૧
જુઓ જીવ મોહ નિદ્રામાંથી જાગી રે,
વરી એને થાઓ અખંડ સોહાગી રે..૨
જોતા વાટ આવી મારે જાન રે,
પોતે વર પુરુષોત્તમ ભગવાન રે..૩
સંત-ભક્તાદિક ધરે જેનું ધ્યાન રે,
મારાં લોચન કરે તે મુખડાનું પાન રે..૪
એની સર્વે દેખી અલૌકિક રીત રે,
ચોંટ્યું મારું સુંદરવરમાં ચિત્ત રે..૫
હથેવાળો હરિ સંગાથે મેં કીધો રે,
ભૂમાનંદ કહે જન્મ સુફળ કરી લીધો રે..૬

**(૩૮) અનાદિમુક્તની સેવા...**

અનાદિ મુક્તની સેવા, મારે તો મીઠડા મેવા,
મારે તો મીઠડા મેવા, શ્રીજીની મૂર્તિમાં રહેવા..અનાદિ ૦ટેક



કર્યા મોટા સંતને રાજી, તેણે સર્વે દેવ પૂજ્યા જી,
કશી તેને ન રહી ખામી, મળ્યા એને સહજાનંદ સ્વામી.
અનાદિ૦૧
મનુષ્યભાવ દિવ્ય પરમાણી, અલૌકિક મહિમા ઉર આણી,
કર્યું જેણે હેત તે સાથે, જન્મ મરણ નથી માથે.
અનાદિ૦૨
મોક્ષના દાતા શ્રીહરિ, કાં હરિના મુક્ત સુખકારી,
પ્રગટ પ્રભુ વિના ભાઈ, કોઈ રીતે મોક્ષ નવ થાઈ.
અનાદિ૦૩
શ્રીજીની કૃપાથી આજે, અનાદિ મુક્ત બિરાજે,
દાસાનુદાસ કહે રાચી, માની લ્યો વાત એ સાચી.
અનાદિ૦૪

**(૩૯) કરીએ રાજી ઘનશ્યામ રે...**

કરીએ રાજી ઘનશ્યામ રે, સંતો કરીએ રાજી ઘનશ્યામ;
તો જ સરે સરવે કામ રે સંતો૦ ટેક
મરજી જોઈ મહારાજના મનની, એમ રહીએ આઠું જામ;
જે ન ગમે ઘનશ્યામને જાણો, તેનું ન પૂછીએ નામ રે
સંતો૦૧

તેમાં કષ્ટ આવે જો કાંઈક, સહીએ હૈયે કરી હામ;
અચળ અડગ રહીએ એક મને, તો પામીએ સુખ વિશ્રામ રે
સંતો૦૨

જુઓ રીત આગેના જનની, પામ્યા વિપત્તિ વિરામ;
જનમ થકી માનો મૂઆ સુધી, ઠરી બેઠા નહિ ઠામ રે
સંતો૦૩

એ તો દો'યલું સો'યલું છે આજ, તજિયે દોય દામ વામ;
નિષ્કુળાનંદ નિઃશંક થઈને, પામિયે હરિનું ધામ રે
સંતો૦૪

## (૪૦) એવા સંત હરિને પ્યારા રે...

એવા સંત હરિને પ્યારા રે,
તેથી ઘડીએ ન રહે વાલો ન્યારા રે.૦ટેક

મહિમા હરિનો સારી પેઠે જાણે, મન અભિમાન તેનો લેશ ન આણે;
હાં રે રહે બ્રહ્મસ્વરૂપ મતવાલા રે...એવા૦૧

નાના મોટા ભજે જે હરિને, મન કર્મ વચને દૃઢ કરીને;
હાં રે તેને પોતાના કરતા જાણે સારા રે...એવા૦૨

એવા તે સંતને વસિયે રે પાસે, જન્મ-મરણનો સંભવ નાસે;
હાં રે વરસે અખંડ તે બ્રહ્મરસ ધારા રે...એવા૦૩



એવા તે સંતને સેવે જે પ્રાણી, પ્રેમ પ્રતીતિ ઉરમાં રે આણી;
હાં રે પ્રેમસખી કે' ઉતારે ભવપારા રે...એવા૦

## (૪૧) મારા વાલાજી શું વાલણ દીસે રે...

મારા વાલાજી શું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ,
તે વિના કેને ભજીએ રે...તેનો૦ટેક

સન્મુખ જાતાં શંકા ન કીજે, મર ભાલા તણા મેહ વરસે રે,
હંસ જઈ હરિજનને રે મળશે, કાચી તે કાયા પડશે રે.
તેનો...૦૧

શૂળી ઉપર શયન કરાવે, તોયે સાધુને સંગે રહીએ રે;
દુરિજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે.
તેનો...૦૨

અમૃતપેં અતિ મીઠાં મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવા ન પાવે રે.
તેનો...૦૩

નરકકુંડથી નરસું લાગે, દુરિજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે.
તેનો...૦૪



## (૪૨) અમે તો નાનાં નાનાં બાળ...

અમે તો નાનાં નાનાં બાળ, અમારાં સૌથી મોટાં કામ,
મોટાં મોટાં કામ, અમે સહુ પહોંચ્યા મૂર્તિધામ...ટેક

બાલુડાં સૌ અમે શ્રીજીનાં, અનાદિ અમારું નામ,
બાપાશ્રીનાં બાળકો અમે, ભેળાં રહીએ તમામ..અમે૦૧

બાપજી કેરાં બાળક બનીને, કરીએ સારાં કામ,
બાળસભામાંનિયમિતજઈએ, રાજી કરીએઘનશ્યામ..અમે૦૨

બાળ સભામાં આવીએ ત્યારે સંતો વાતો કરતા,
બાળક જેવા પ્રભુજી જેનું, નામ રૂડું ઘનશ્યામ..અમે૦૩

નાનકડા ઘનશ્યામ જુઓ કેવી લીલા કરતા,
બાપાશ્રી પણ નાનપણમાં કરતા મોટાં કામ..અમે૦૪

બાપજી પાસે દર્શને જઈએ તો પૂછતા અમારું નામ,
બાળ બુદ્ધિમાં બોલી જતા અમે જૂઠું અમારું નામ..અમે૦૫

ત્યારે બાપજી પાસે બેસારી કહેતા સાચું નામ,
'અનાદિમુક્ત' છે જે શ્રીજીના તે તમારું નામ..અમે૦૬



## (૪૩) મોહનને ગમવાને ઇચ્છો માનની...

મોહનને ગમવાને ઇચ્છો માનની,
ત્યાગો સર્વે જૂઠી મનની ટેક જો;
પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો,
હરિચરણે રહેજો અબળા થઈ છેક જો.મોહનને૦૧

વળી એક વાત કહું છું અધિક વિવેકની,
સાંભળ બેની તારા સુખને કાજ જો;
હરિજન સંગે રાખો પૂરણ પ્રીતડી,
ત્યાગો મદ મત્સર જૂઠી કુળ લાજ જો ..મોહનને૦૨

સુખદાયક તું જાણે સુંદર શ્યામને,
અતિ દુઃખદાયક મન પોતાનું જાણજો;
મુક્તાનંદના નાથ મગન થઈ સેવજો,
સમજી વિચારી બોલો અમૃત વેણ જો ..મોહનને૦૩

## (૪૪) નિર્માની થઈને પ્રભુને ગમો...

*નિર્માની થઈને પ્રભુને ગમો, મૂર્તિના સુખમાં સ્હેજે રમો;*
*નિર્માની થઈને સૌને ગમો, સત્સંગમાં સૌને સ્હેજે નમો;*
*નિર્માની થઈને પ્રભુને ગમો..... ટેક..*

*'હું કંઈક છું' એવું માન મૂકીને, શ્રીજીને સંપૂર્ણ કર્તા કરો;*

*હરિ મરજી વિના કાંઈ થતું નથી, એવો દાસભાવ દિલમાં ધરો;*
*દાસભાવે સૌને રાજી કરો, માન-મોટપ પ્રભુને ધર્યા કરો.*
*નિર્માની થઈને પ્રભુને ગમો...(૧)*

*મોટાની આગળ ઠરાવો છોડી, સરળ થઈને રાજી કરો;*
*નાનાની આગળ પાવર છોડી, પ્રેમે કરીને રાજી કરો;*
*દર્શન શ્રીજીના સૌમાં કરો, મુક્તભાવે સૌમાં પ્રીતિ કરો.*
*નિર્માની થઈને પ્રભુને ગમો...(૨)*

*વેણ-કવેણ સહન કરીને, ભાર ને ભીડો ખમ્યા કરો;*
*સેવા બીજાથી વધુ કરીને, અહોભાવમાં જીવ્યા કરો;*
*નાની નાની વાતોની ગાંઠો છોડી, મોટું પેટ રાખીને ફર્યા કરો.*
*નિર્માની થઈને પ્રભુને ગમો...(૩)*

*ગુણો પોતાના જોવા છોડી, અવગુણો પોતાના ટાળ્યા કરો;*
*અવગુણો બીજાના લેવા છોડી, ગુણો સૌના ગાયા કરો;*
*ગુણો સર્વે છે શ્રીજીના, ઈર્ષ્યાથી ના બળ્યા કરો.*
*નિર્માની થઈને પ્રભુને ગમો...(૪)*

*મારો કાંઈ વાંક નથી, એવા નિર્દોષ કદી ના ઠર્યા કરો;*
*પોતે નિર્દોષ ઠરવા બીજાને, દોષિત કદી ન કર્યા કરો;*
*પોતાના દોષોને ઓળખી-કાઢી, સાચા ભાવે નિર્દોષ થયા કરો.*



*નિર્માની થઈને પ્રભુને ગમો...(૫)*

*મહારાજ ને મોટાપુરુષો જેવું, નિર્માનીપણું ગ્રહ્યા કરો;*
*મૂર્તિ સુખના પાત્ર થાવા, નિર્માની થઈને જીવ્યા કરો;*
*પ્રભુ રાજીપાથી પૂરા ભરાવા, માન ખાલી કરી નિર્માની બનો.*
*નિર્માની થઈને પ્રભુને ગમો...(૬)*

## (૪૫) છોટે છોટે બચ્ચે હૈ હમ...

છોટે છોટે બચ્ચે હૈં હમ, શ્રીજી કે સંતાન હૈં.
**SMVS** કી શાન હૈં હમ, શ્રીજી પે કુરબાન હૈ...(૩)
જય સ્વામિનારાયણ... જય સ્વામિનારાયણ...(૩)

સર્વોપરિ સ્વામિનારાયણ, એક હી એક નિશાન હૈં...(૨)
જનમ હૈ શ્રીજી કે લિયે, યે હી તો પહેચાન હૈં...(૨)
પતિવ્રતા કી ભક્તિ દૃઢ હૈ, શ્રીજી જીવનપ્રાણ હૈં...(૧)
**SMVS** કી શાન હૈ હમ, શ્રીજી પે કુરબાન હૈ...
છોટે છોટે બચ્ચે હૈં ... સ્વામિનારાયણ...
જય સ્વામિનારાયણ...(૨)... ૧

બાપાશ્રી કે બચ્ચે હૈં, સિદ્ધાંત સહી બતાયેંગે...(૨)
અન્વય ઔર વ્યતિરેક જ્ઞાન, જન જન મેં ફૈલાયેંગે..(૨)



મુક્ત અનાદિ હૈં દુલારે, શ્રીજી જીવનપ્રાણ હૈં..(૧)
**SMVS** કી શાન હૈં હમ, શ્રીજી પે કુરબાન હૈ...
છોટે છોટે બચ્ચે હૈં ... સ્વામિનારાયણ...
જય સ્વામિનારાયણ...(૨)... ૨

ગુરુ બાપજી કે સેવક હૈ, કારણ સત્સંગ રખવાલે..(૨)
બુંદ બુંદ યે ખૂન કી બોલે, શ્રીજી કે હમ મતવાલે...(૨)
નિષ્ઠા નિયમ કી દૃઢતા હૈં, શ્રીજી જીવનપ્રાણ હૈં...(૧)
**SMVS** કી શાન હૈ હમ, શ્રીજી પે કુરબાન હૈ...
છોટે છોટે બચ્ચે હૈં ... સ્વામિનારાયણ...
જય સ્વામિનારાયણ...(૨)... ૩

સ્વામીશ્રી કે પ્યારે હૈં હમ, દિવ્યજીવન કે રાહી હૈં..(૨)
કારણ સત્સંગ વિશ્વવ્યાપી, સંકલ્પ કે ગવાહી હૈં...(૨)
શ્રીજી કે શરન મેં જો આયે, શ્રીજી જીવનપ્રાણ હૈં...(૧)
**SMVS** કી શાન હૈં હમ, શ્રીજી પે કુરબાન હૈ...
છોટે છોટે બચ્ચે હૈં ... સ્વામિનારાયણ...
જય સ્વામિનારાયણ...(૨)... ૪

સંતો-ભક્તો માત-પિતા કે, ચરનરજ કે ધારક હૈં...(૨)
સેવા, સમર્પણ, આત્મીયતા ઔર બ્રહ્મચર્ય કે પાલક હૈં... (૨)



સત્પુરુષ હૈં રાહ હમારે, શ્રીજી જીવનપ્રાણ હૈં...(૧)
**SMVS** કી શાન હૈ હમ, શ્રીજી પે કુરબાન હૈં...
છોટે છોટે બચ્ચે હૈં ... સ્વામિનારાયણ...
જય સ્વામિનારાયણ...(૨)... ૫

## (૪૬) અભાવ અવગુણ અમહિમાની...

અભાવ અવગુણ અમહિમાની, વાતો કદી ન કરીએ,
અભાવ અવગુણ અમહિમાની, વાતો કાને ન ધરીએ..૦ટેક

અભાવ અવગુણની વાતોથી, જીવ તો શૂનકાર થઈ જાય;
એમાંથી દ્રોહ કરતાં કરતાં, અસુરભાવ આવી જાય..૦૧

પ્રભુમાં પ્રીતિ થતી નથી, તેનું કારણ આ જ છે;
જીવ નાદાર થઈ ગયો છે, તેનું કારણ આ જ છે..૦૨

બીજાના દોષો જોવાય ક્યાંથી, દોષોના ભંડાર છીએ;
પ્રભુએ આપણા જોયા નથી તો, બીજાના દોષ ન જોઈએ..૦૩

સૌમાં મહારાજ બિરાજમાન છે, અવગુણ કોનો લઈએ ?
મહારાજનો અવગુણ લઈને, ક્યાં જઈને પછી ઠરીએ..૦૪

સરખે સરખાં ભેગાં મળીને, પાપનાં પોટલાં ન ભરીએ;
પોતાનાં દોષો કાઢીને, રુચિમાં ડગ ભરીએ..૦૫

નિર્દોષ બનવા નિર્દોષ થઈએ, નિર્દોષ કદી ન ઠરીએ;
નિર્દોષ ઠરવા સામેનાને, દોષિત કદી ન કરીએ..૦૬

પંચમહાપાપથી છુટાય, અપરાધથી છુટાય નહિ;
બીજું ઓછું થશે તો ચાલશે, અપરાધ કોઈનો થાય નહિ..૦૭

ગુણો સૌના જોયા કરવા, તો ગુણો આપણામાં આવે;
ઈર્ષ્યા, આંટી, પૂર્વાગ્રહ ને, ઉદ્વેગ સર્વે ભાગી જાયે..૦૮

અભાવ-અવગુણના મચ્છરોને, સદાય અમે ઉડાડીએ;
ગુણ અને માહાત્મ્યરૂપી, ફટાકડા ખૂબ ફોડીએ..૦૯

**(૪૭) અમે તો શ્રીજીના કિશોર...**

અમે તો શ્રીજીના કિશોર, સમજીએ જાવું છે કિસ ઓર ?
અમે તો બાપાના યુવાન, નથી રાંક છીએ અમે ધનવાન,
અમને તો બાપજીના છીએ બાળ,
ગમે નહીં તેને કરીએ બહાર...ટેક

આવો સમજીએ શું કરવું, પછી એ રીતે ડગ ભરવું;
સંકલ્પ પ્રબળ કીધો છે એવો, શ્રીજી અર્થે જીવ જવા જેવો,
દિવ્ય જીવનથી રાજી કરી લઈશ, જરૂરા જરૂર કરીશ...
અમે તો ૦૧.



નિષ્ઠા ઉપાસનાની દૃઢતા કેવી, સ્વામી નિત્યાનંદ જેવી;
કર્તાપણું બસ એક જ શ્રીજીનું, ધાર્યું થાય છે ધણીનું,
સદા પ્રગટ છે હરિ મુજ સાથે, આજ્ઞા લોપાય કેમ નાથ ?
અમે તો ૦૨.

મહારાજ માટે જન્મ છે મારો, ઢીલું વેણ કદી ન ઉચ્ચારું;
શું ન થાય હવે એને માટે, સત્સંગ કીધો છે શિર સાટે,
ગુરુ વચને કુરબાન થઈને, અર્પણ સર્વસ્વ કરીએ..
અમે તો ૦૩.

વહેલા ઊઠી પૂજા કરીએ, અખંડ તિલક ચાંદલો ધરીએ;
નિયમની દૃઢતા રૂપાભાઈ જેવી, શરમ કે મહોબત કેવી,
કુસંગના યોગમાં સાવજ થઈએ, સહુના દાસ થઈ રહીએ.
અમે તો ૦૪.

દાદાખાચર પર્વતભાઈ જેવો, મમત્વભાવ દૃઢ સેવો;
મહારાજ મારા બાપા મારા, ગુરુજી મારા ન્યારા,
સંતો અને મંદિર પણ મારું, સભા કદી નવ ટાળું..
અમે તો ૦૫.

સેવા સમાગમ કરું હું કેવો, ઉકાખાચર જેવો;
કોઈ વખાણે કરી સન્માન, વઢે કરે અપમાન,



''ભલે દયાળુ'' કહીને જોડું હાથ, ભેટી પડે મારો નાથ..
અમે તો ૦૬.

રાજી બહુ છો તમે જેનાથી, વરસી જાવ છો એનાથી;
એવું બ્રહ્મચર્ય વ્હાલું તમારું, વ્હાલું કરું તેને મારું,
ખરા ખટકાથી જતન કરે તેને, રાજીપાથી દો ભરી...
અમે તો ૦૭.

ગમતું કોઈ કરે કે ન કરે, કરવું મારે આ ફેરે;
ભેળા રહીને બળ દેજો, વળી પ્રાર્થના સુણી લેજો,
વાતો કરે વર્તન અમારું, ગમતું કરું તમારું...
અમે તો ૦૮.

**(૪૮) શ્રીજી અર્થે અમારું જીવન...**

શ્રીજી અર્થે અમારું જીવન, નક્કી કર્યું છે એક કવન,
શ્રીજી અર્થે અમારું જીવન, શ્રીજી એ જ અમારું જીવન.

દિવ્યજીવન એ જ દિવ્યજીવન, દિવ્યજીવન એવું દિવ્યજીવન
દિવ્યજીવન જીવું દિવ્યજીવન, દિવ્યજીવન વ્હાલા દિવ્યજીવન

કેવા મળ્યા છો આપ હરિ, કેવી અઢળક દયા કરી;
કોટાનકોટીને એક જ મળી, કિરણ વ્યાપી રહી છે ધરી,



હવે માત-પિતા સગા છોઆપ, મુક્તઅનાદિ છે અમ જાત;
ન બન્યાની બની છે વાત, આપ મળ્યા છો હરિ સાક્ષાત,

જનમ ધર્યો છે આપને માટ, જેની જોતા'તા સદાને વાટ.
રાજી કર્યા નથી હવે છે કરવા, સંકલ્પ દેવો નથી હવે ફરવા;

અમને લાવ્યા છો ભેળા ભળવા, ખેંચી લીધા છે સંકલ્પમાં મળવા,
આપ રાજીપાથી અમને ભરવા, અમ થકી આપના જેવા કરવા.

શ્વાસ ચાલી રહ્યો આપને માટ, લોહી વહી રહ્યું આપને કાજ;
હૃદયે ધબકે છે એક જ અવાજ, આપ સર્વસ્વ મારું છો આજ,

આંખે જોવું કાને સૂણું એ જ, જેમાં આપ રાજી હરિ હો જ.
હવે દેહ પુત્ર પરિવાર, તવ અર્થે આ સઘળો સંસાર;

ધન મારું નથી તલભાર, અર્પી શકું એ સઘળો સાર,
સુખસંપત્તિનો તું દેનાર, સેવક બની રહું હું લેનાર.

**(૪૯) શ્રીજીની માળાના મેળ દાદાખાચર...**

*શ્રીજીની માળાના મેળ દાદાખાચર... દાદાખાચર*
*હરિનું ગમતું પાત્ર દાદાખાચર*
*દાદાખાચર... દાદાખાચર*

૨૮ - ૨૮ વર્ષ જ્યાં શ્રીજી રહ્યા (૨)
મારો દાદો મારો દાદો કહીને ખૂબ નવાજ્યા (૨)
દાદાખાચર... દાદાખાચર

તન મન ધન સર્વસ્વ, શ્રીજી અર્થે છે કુરબાન (૨)
શ્રીજીના રાજીપામાં જીવવું, એ જ અમારી શાન (૨)
દાદાખાચર... દાદાખાચર

ચાહે તે કરે શ્રીહરિ, ચાહે તો કરાવે નોકરી,
શ્રીજીના વચને શું ન થાય, એ જ અમારા ઉપરી (૨)
દાદાખાચર... દાદાખાચર

ગમે ત્યારે ગમે તે આજ્ઞા કરે શ્રીજી,
એ જ મિનિટે થઈ જાય જેમ હરિની મરજી (૨)
દાદાખાચર... દાદાખાચર

ઘરબાર દરબાર, કશું નથી અમારું,
હું તમારો તું અમારો, એક જ છે આધાર (૨)
દાદાખાચર... દાદાખાચર

જન્મ ધર્યા ને જન્મો ફર્યા, તો નથી મળ્યા શ્રીજી આવા,
શું ન થાય હવે એને માટે, કુરબાન અમારા માથા (૨)
દાદાખાચર... દાદાખાચર



બસ થવું તો દાદાખાચર, જેવા નહિ તો જન્મ એળે,
ગુરુના વચને શું ન થાય, જીવવું એનું એળે (૨)
દાદાખાચર... દાદાખાચર

શ્રીજીના સંકલ્પથી આવ્યા, બાપજી ને સ્વામીશ્રી,
કૂદી પડો સૌ એક થઈને, કરવા રાજી શ્રીજી,
કરવા રાજી બાપજી, કરવા રાજી સ્વામીશ્રી,
દાદાખાચર... દાદાખાચર

શ્રીજીની માળાને મેળ દાદાખાચર... દાદાખાચર
હરિનું ગમતું પાત્ર દાદાખાચર
દાદાખાચર... દાદાખાચર

જન્મ ધર્યો છે શ્રીજી કાજે, શું ન થાય હવે એને માટે..
મળ્યો કારણ સત્સંગ આજે, શું ન થાય હવે એને માટે..
ત્યાગી સર્વે લોક લાજ, શું ન થાય હવે એને માટે..
નિયમ ધર્મ છે શિર સાટે, શું ન થાય હવે એને માટે..
નિષ્ઠાનું અનેરું બળ છે આજે, શું ન થાય હવે એને માટે..
અર્પણ સર્વસ્વ શ્રીજી કાજ, શું ન થાય હવે એને માટે..
વિજય ધ્વજો લહેરાવા આજ, શું ન થાય હવે એને માટે..
બાપજીને સ્વામીશ્રી સાથ, શું ન થાય હવે એને માટે.
કુરબાન અમારા માથા આજ, શું ન થાય હવે એને માટે.



## (૫૦) સેવા કરી લ્યો, સેવા કરી લ્યો...

સેવા કરી લ્યો, સેવા કરી લ્યો... અવસર આવ્યો આજ...
શ્રીજી રાજી કરવા કાજ... બાપજી રાજી કરવા કાજ...

સંતો, ભક્તો, મંદિર મારું, સેવા કદી નવ ટાળો;
સેવામાં કદી વારો નવ જોઈએ, રાજી થાય બહુ વ્હાલો.
શ્રીજી રાજી કરવા કાજ... બાપજી રાજી કરવા કાજ..
સેવા કરી લ્યો...૧

માન મૂકીને સેવા કરવી, નહીં વખાણ પ્રશંસા;
કોઈ જુએ કે ન જુએ પણ, જુએ હરિ હંમેશાં...
શ્રીજી રાજી કરવા કાજ... બાપજી રાજી કરવા કાજ..
સેવા કરી લ્યો...૨

કંટાળો ને આળસ કેવી, ભાર ભીડો નવ લાગે;
શ્રદ્ધા અને મહાત્મ્ય સાથે, મનગમતું નવ રાખે...
શ્રીજી રાજી કરવા કાજ... બાપજી રાજી કરવા કાજ...
સેવા કરી લ્યો...૩

સેવાનું જો વ્યસન કરીએ તો, વાસના નિર્મૂળ થાય;
દિવ્યભાવે કરીએ સેવા તો, ઉકાખાચર થવાય.



શ્રીજી રાજી કરવા કાજ... બાપજી રાજી કરવા કાજ.
સેવા કરી લ્યો...૪

ગુરુ બાપજી સેવાની મૂર્તિ, રહે ન સેવાથી દૂર;
સંતો-ભક્તો રીઝવવા ને, શીખીએ સેવાનો ગુણ.
શ્રીજી રાજી કરવા કાજ... બાપજી રાજી કરવા કાજ.
સેવા કરી લ્યો...૫

## જીવનમંત્ર

સ્વામિનારાયણ ભગવાન મારા ઈષ્ટદેવ છે.
આ સત્સંગ મારું ઘર છે.
મહારાજની મૂર્તિ મારો ધ્યેય છે.
છતે દેહે હું મૂર્તિધામમાં જ છું.
મહારાજ માટે જ મારો જન્મ છે.
એમના થઈને જ સદાય જીવવું છે.
ભગવાન અને સંતની સેવા એ જ મારું સુખ છે.
એમની આજ્ઞા અને અનુવૃત્તિમાં જ સદા રહીશ.
સત્સંગી માત્રના સુખ-દુઃખમાં સદા ભાગીદાર થઈશ.
- જય શ્રી સ્વામિનારાયણ



## ધ્યેય ગીત

બનશું અમે આદર્શ બાળ, સદા મૂર્તિમાં રમનાર;
થઈ હરિકૃપા અપાર, આ તો શ્રીજીનો દરબાર,

આજ્ઞા લોપાય નહિ લગાર, પાળીએ થઈને ખબડદાર;
કારણ સત્સંગ જોરદાર, સંતો કેરો છે સહકાર,

તન, મન, ધન, સદા તૈયાર, તજશું જરૂર પડે ઘરબાર;
સર્વોપરી સદા સાકાર, સૌના કારણ ને આધાર,

કરવો પ્રચાર દુનિયાપાર, સંકલ્પ કીધો છે નિરધાર;
સુખ-દુઃખ આવે અપરંપાર, લાગે વિઘ્નોની લંગાર,

તોયે હરિબળે જીવનાર, શ્રીજી બાપા રક્ષણહાર;
આ છે જીવન કેરો સાર, રાજી રહેજો સદા કાળ.



## વિજય ગાન

આશ્રિતગણ સુખદાયક જય હો, સંસ્કાર કેન્દ્ર પ્રદાતા;
દીન બાળકોના સુખદાતા, દોષ માત્રના જ્ઞાતા,
માત તાત ને ભગિની ભ્રાતા, આપ જ કર્તા હર્તા,
તુજ શરણે જે આવે, જીવન ધન્ય બનાવે,
શ્રીજીનો યશ ગાતા.

આત્યંતિક કલ્યાણના દાતા, ફરીએ પ્રચાર કરતા;
દેશ વિદેશે મહિમા ગાતા, વિજય ધ્વજા લહેરાતા,
જય સ્વામિનારાયણ જય હો, જય જય શ્રીજી બાપા;
જય હો, જય હો, જય હો,
જય જય જય જય હો...

ભગવાનનું દર્શન કરીને તથા વાર્તા સાંભળીને જો તેનું મનન ને નિદિધ્યાસ નિરંતર કર્યા કરે તો તેનો સાક્ષાત્કાર થાય, નહિ તો આખી ઉંમર દર્શન-શ્રવણ કરે તો પણ સાક્ષાત્કાર થાય નહિ.

- સારંગપુરનું ૩જું વચનામૃત

- શ્રીજીમહારાજ



**સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ**

સ્વામિનારાયણ ધામ,
ઈન્ફોસિટી સામે, ગાંધીનગર.

પ્રેરક : ગુરુવર્ય પ.પૂ.બાપજી